RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૩ શનિવાર, તા.૨૭-૦૪-૨૦૨૪ અંક : ૨૨૯ વર્ષ : ૨૧ e-mail : sauaajtak@gmail.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

૮૮ બેઠકો પર ૬૫% શાંતિપૂર્ણ મતદાન

રાહુલ ગાંધી સહિતના નેતાઓનું ભાવી ઈવીએમમાં કેદ

નવીદિલ્હી,તા.૨૬

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર આજે મતદાન શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન થયું હતું.કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડી ગયા હોવાની તો કેટલાક સ્થળોએ મતદાર યાદીમાં નામ નહીં હોવાની ફરિયાદો મળી હતી કેટલાક મતદાન મથકો પર કાર્યકરો વચ્ચે અથડામણના પણ અહેવાલો મળ્યા છે.જો કે કોઈ મોટો બનાવ મતદાન દરમિયાન બનવા પામ્યો ન હતો સાંજે પાંચ વાગ્યા બાદ પણ મતદાન કેન્દ્રોની અંદર લાઈનમાં ઉભા રહેવા મતદારોને મતદાન કરવાની છુટ આપવામાં આવી હતી. ૮૮

બેઠકો પર સરેરાશ ૬૫ ટકા જેટલું મતદાન થયું હતું.

બીજા તબક્કાનું મતદાન સવારે સાત વાગ્યાથી કડક સુરક્ષા વચ્ચે શરૂ થયું હતું જે સાંજના પાંચ વાગ્યા સુધી ચાલુ રહ્યુ હતું મતદાન શરૂ થાય તે પહેલા કેટલાક મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી હતી.આજે કેરલની તમામ ૨૦,કર્ણાટકની ૧૪, રાજસ્થાનની ૧૩, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશની આઠ-આઠ, મધ્યપ્રદેશની છ, આસામ અને બિહારની પાંચ-પાંચ, બંગાળ જમ્મુ અને કાશ્મીરમાંથી ત્રણ-ત્રણ અને ત્રિપુરાની એક-એક સીટ પર મતદાન થયું હતું.જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ ૧૯ એપ્રિલે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન થયું હતું, જેમાં લગભગ ૬૫.૫ ટકા મતદાન થયું હતું.

બીજા તબક્કામાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતપુરમ), બીજેપી નેતા તેજસ્વી સૂર્યા (કર્ણાટક), મથુરાથી હેમા માલિની, મેરઠથી અરુણ ગોવિલ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી (વાયનાડ), તિરુવનંતપુરમથી શશિ થરૂર, કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારના ભાઈ ડી.કે. સુરેશ (કોંગ્રેસ) અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામી (જેડીએસ)નું ભાવી મતદારોએ ઈવીએમ મશીનમાં સીલ કર્યું છે.

કોંગ્રેસે સસ્પેન્ડ કર્યા અને કુંભાણી ૬ દિવસ બાદ આજે અચાનક સામે આવ્યા

હું તો હાઈકોર્ટમાં જવા માગતો હતો, પણ કોંગી નેતાઓએ સાથ ન આપ્યો. હું કોંગ્રેસ સાથે છું અને સાથે રહીશ

સુરત

સુરત લોકસભા સીટના ઉમેદવાર નિલેશ કુંભાણીના ફોર્મ સામે ભાજપના ચૂંટણી એજન્ટ દિનેશ જોધાણીએ ચૂંટણી અધિકારી સમક્ષ ટેકેદારોની સહી ખોટી હોવાની ફરિયાદ કરી હતી. ત્યાર બાદ ૨૦ એપ્રિલના સવારના ૧૦ વાગ્યાથી રાજકીય ડ્રામા શરૂ થયો હતો. ૨૧મીએ સવારે કલેક્ટર ઓફિસમાં સુનાવણી થઈ હતી અને અંતે ચૂંટણીપંચે નિલેશ કુંભાણીનું ફોર્મ રદ કરી દીધું હતું. ત્યાર બાદ ચૂંટણી અધિકારીએ ભાજપના મુકેશ દલાલને બિનહરીફ જાહેર કર્યા હતા તેમજ કુંભાણી જ્યારથી ફોર્મ રદ થયું ત્યારથી ગાયબ હતા, પરંતુ ૬ દિવસ બાદ આજે અચાનક તેઓ સામે આવ્યા છે અને ૫ મિનિટ ૧૫ સેકન્ડના વીડિયો દ્વારા તેમણે મેસેજ આપ્યો છે. તેમણે કહ્યું છે કે હું તો હાઈકોર્ટમાં જવા માગતો હતો, પણ કોંગી નેતાઓએ સાથ ન આપ્યો. હું કોંગ્રેસ સાથે છું અને સાથે રહીશ. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે આજે સવારે જ કુંભાણીને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.

શનિવારે ૨૦ જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

પવનની દિશા બદલાઈને દક્ષિણ પશ્ચિમ તરફથી થઈ હોવાને કારણે વરસાદ વરસ્યો

અમદાવાદ,

ગુજરાતના દક્ષિણ ભાગમાં પવન અને દિશા બદલાવાને કારણે વહેલી સવારથી જ વાતાવરણમાં પલટો આવ્યા બાદ વરસાદના છાંટા વરસ્યા હતા. જોકે હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી ન હતી, કારણ કે છેલ્લા ૨૪ કલાક સુધી ગુજરાત પર આવતા પવનોની દિશા પશ્ચિમ અને ઉત્તર- પશ્ચિમ દિશા તરફથી હતી, પરંતુ પવનની દિશા બદલાઈને દક્ષિણ પશ્ચિમ તરફથી થઈ હોવાને કારણે વરસાદ વરસ્યો હતો. આગામી ૨૪ કલાક માટે હવામાન વિભાગ દ્વારા ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં

ગાજવીજ સહિત વરસાદની સંભાવના વ્યક્ત કરી હતી.

આગામી ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર કચ્છના દેવભૂમિ દ્વારકા, જામનગર, કચ્છ, ઉપરાંત ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અરવલ્લી, ખેડા, મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા તથા દક્ષિણ ગુજરાતના નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરા અને નગર-હવેલીમાં છૂટાછવાયાં સ્થળો પર હળવો વરસાદ વરસી શકે છે. તદુપરાંત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની પણ શક્યતા છે, જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર, ખેડા, પંચમહાલ, વડોદરા, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરા અને નગર-હવેલીનો સમાવેશ થાય છે.

EVM યોગ્ય, તેને VVPAT સાથે સરખાવવાની જરૂર નથી : સુપ્રીમ કોર્ટ

ઈ.વી.એમ.અને વી.વી.પી.એ.ટી.ને મેચ કરવાની માંગ કરતી અરજી મામલે સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો : મતદાન બાદ ૪૫ દિવસ સુધી ઈ.વી.એમ.સુરક્ષિત રખાશે : તમામ અરજીઓ ફગાવી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે EVM-VVPAT ને મેચ કરવાની માગ કરતી અરજીઓ પર મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ મામલે સુપ્રીમકોર્ટે તમામ અરજીઓ ફગાવતાં કહ્યું કે આવું કરવાની કોઈ જરૂર જ નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે મતદાન બાદ ૪૫ દિવસ સુધી ઈવીએમ સુરક્ષિત રખાશે. સુપ્રીમ કોર્ટે આજે વોટર વેરિફાઈડ પેપર ઓડિટ ટ્રેલ (VVPAT)ની સાતે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM)માં પડેલા વોટોની ૧૦૦ ટકા વેરિફિકેશનની માગણી કરતી પર અરજી પર મોટો ચુકાદો આપ્યો હતો. કોર્ટે તમામ અરજીઓ ફગાવી દીધી છે અને સૂચવ્યું હતું કે ચૂંટણી પંચે ભવિષ્યમાં ફફ્છ્ સ્લિપમાં બાર કોડ પર પણ વિચાર કરવો જોઈએ. આ સાથે બેલેટ પેપરથી મતદાન કરાવવાની માગ પણ ફગાવી દેવામાં આવી હતી.

ઉમેદવારના ખર્ચે વેરિફિકેશન કરાવવું જોઈએ, ઈવીએમ સાથે છેડછાડના કિસ્સામાં પૈસા પરત કરવા જોઈએ,સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૬

ભારતીય ચૂંટણી પ્રણાલીમાં ઈફસ (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન) ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ અંગે સમયાંતરે પ્રશ્નો ઉભા થયા છે. ચૂંટણીમાં ઈવીએમના ઉપયોગને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. અરજદારોએ વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેલ સાથે ઈફસ્માંથી પડેલા મતોની ૧૦૦ ટકા મેચિંગની માંગ કરી હતી. આ સંબંધિત અરજીઓનો નિકાલ કરતા સુપ્રીમ કોર્ટે શુક્રવારે પોતાનો ઐતિહાસિક નિર્ણય સંભળાવ્યો. સર્વોચ્ચ અદાલતની બે જજની બેન્ચે આ સંબંધિત અરજીઓને ફગાવી દીધી છે. જો કે સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય આપતાં ઉમેદવારોના ખર્ચે મતોની ચકાસણી કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે એમ પણ કહ્યું કે જો ઈવીએમ સાથે ચેડાં થયા હોય તો ઉમેદવારોના પૈસા પરત કરવાના રહેશે. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે EVM-VVPAT સંબંધિત અરજીઓ પર ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. બેન્ચે સિમ્બોલ લોડિંગ યુનિટને ૪૫ દિવસ સુધી સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે રેડીમેડ સિસ્ટમ પર આંખ આડા કાન કરી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે સંતુલિત અભિગમ મહત્વપૂર્ણ છે, પરંતુ સિસ્ટમ પર શંકા કરવાથી મૂંઝવણ ઊભી થઈ શકે છે. તેની અર્થપૂર્ણ ટીકા કરવી જોઈએ. કોર્ટે વધુમાં કહ્યું કે ન્યાયતંત્ર અને વિધાનસભા સહિત લોકશાહીના તમામ સ્તંભો વચ્ચે સંવાદિતા અને વિશ્વાસ જાળવવો જરૂરી છે.

યુપી, મધ્યપ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં ગરમી લોકોને પરેશાન કરતી રહેશે

હરિયાણા-પંજાબ, રાજસ્થાનમાં વરસાદને કારણે લોકોને ગરમીથી રાહત મળી શકે છે

નવીદિલ્હી,તા.૨૬

લોકસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન વચ્ચે હવામાન વિભાગે દેશના રાજ્યોમાં આકરી ગરમી પડવાની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, છત્તીસગઢ, પૂર્વ ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, બિહાર, રાયલસીમા, ઝારખંડ, મરાઠવાડા અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને ઓડિશાના ઘણા ભાગોમાં મહત્તમ તાપમાન ૪૦-૪૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાઈ રહ્યું છે.સબ-હિમાલયન પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, હરિયાણા-ચંદીગઢ-દિલ્હી અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના વિવિધ વિસ્તારોમાં ૪૦-૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.આવતીકાલે પણ અહીં આવું જ વાતાવરણ રહેશેહવામાન વિભાગે આજે પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, કોંકણ અને ગોવા, તટીય આંધ્રપ્રદેશ, યાનમ, રાયલસીમા, તેલંગાણા અને આંતરિક કર્ણાટકમાં હીટ વેવની ચેતવણી જારી કરી છે. છેલ્લા ઘણા દિવસોથી અહીં ગરમી પડી રહી છે. ગરમીના કારણે લોકો પરેશાન છે. દેશ આકરી ગરમીનો અનુભવ કરી રહ્યો છે ત્યારે આગામી ચોવીસ કલાકમાં કેટલાક રાજ્યોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

તાઈવાનમાં એક જ રાતમાં ભૂકંપના ૮૦ ઝટકા અનુભવાયા, સૌથી મોટો ૬.૩ની તીવ્રતાનો આંચકો

તાઈપે,તા.૨૬

થોડા દિવસ પહેલા આવેલા ભૂકંપના મોટા ઝટકાથી હજુ તો તાઈવાન ઊભર્યુ નહોતુ, ત્યાં ફરી એક જ રાતમાં તાઈવાનમાં ૮૦ જેટલા ઝટકા અનુભવાયા છે. સોમવારે તાઈવાનની પૂર્વીય કાઉન્ટી હુઆલીનમાં ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. સોમવારે દેશમાં આવેલો આ સૌથી શક્તિશાળી ભૂકંપ હતો. તાઈવાનની રાજધાની રાતથી વહેલી સવાર સુધી ભૂકંપથી પ્રભાવિત થઈ હતી. સેન્ટ્રલ મીટીરોલોજીકલ એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું કે સૌથી મોટો ૬.૩-તીવ્રતાનો ભૂકંપ પૂર્વીય હુઆલીનમાં આવ્યો હતો.

સેન્ટ્રલ મીટીરોલોજીકલ એડમિનિસ્ટ્રેશનના જણાવ્યા અનુસાર, પ્રથમ તીવ્ર ભૂકંપ ૫.૫ની તીવ્રતા સાથે આવ્યો હતો. તે સોમવારે સ્થાનિક સમય મુજબ સાંજે ૫:૦૮ વાગ્યે (ભારતીય સમય મુજબ રાત્રે ૧૦ વાગ્યે) આવ્યો હતો. રાજધાની તાઈપેઈમાં આ આંચકો અનુભવાયો હતો.

અભિનેતા રવિ કિશનના ડીએનએ ટેસ્ટ અંગે કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો

મુંબઈ,તા.૨૬

સેશન્સ કોર્ટે અભિનેતા રવિ કિશન સંબંધિત કેસ પર પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. ૨૫ વર્ષની એક મહિલાએ કોર્ટમાં દાવો કર્યો હતો કે અભિનેતા રવિ કિશન તેના જૈવિક પિતા છે. જોકે શિનોવા શુક્લા નામની એક મહિલા દાવો કરે છે કે રવિ કિશનને "કાકા" કહે છે, પરંતુ તે વાસ્તવમાં તેના જૈવિક પિતા હતા.કોર્ટમાં સુનાવણી દરમિયાન અભિનેતા રવિ કિશન વતી હાજર રહેલા વકીલ અમીત મહેતાએ દલીલ કરી હતી કે તેમની અને મહિલા વચ્ચે કોઈ સંબંધ નથી.

અમિત મહેતાએ કહ્યું કે રવિ કિશન શિનોવા શુક્લાની માતા અપર્ણા સોની ઉર્ફે અપર્ણા ઠાકુરને ઓળખતો હતો, પરંતુ તે માત્ર તેની સારી મિત્ર હતી. તેણીએ સોની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કર્યું હતું જેથી કલાકારો તેને ઓળખતા હતા.

માનવાધિકારના ઉલ્લંઘના અંગેના અમેરિકાના રિપોર્ટને ભારતે ફગાવ્યો

નવીદિલ્હી,તા.૨૬

ભારતે માનવાધિકાર ઉલ્લંઘન અંગે અમેરિકા દ્વારા જારી કરાયેલા અહેવાલને સંપૂર્ણપણે ફગાવી દીધો છે. જેમાં અમેરિકાએ મણિપુરમાં થયેલી હિંસાનો ઉલ્લેખ કર્યો હતો અને દાવો કર્યો હતો કે ત્યાં માનવ અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. ભારતે ૮૦ પાનાના આ રિપોર્ટને ખોટો અને ભેદભાવપૂર્ણ ગણાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે રિપોર્ટ દર્શાવે છે કે ભારતને લઈને અમેરિકાની સમજ યોગ્ય નથી.

સામ્પ્રાહિક બ્રીફિંગમાં યુએસ રિપોર્ટ પર પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "અમે આ રિપોર્ટને કોઈ મહત્વ આપતા નથી અને તમારે પણ તે જ કરવું જોઈએ. અમેરિકાએ રિપોર્ટમાં ભારતના ઘણા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે. આ રિપોર્ટમાં ચીન, બ્રાઝિલ, બેલારુસ, મ્યાનમારની સાથે ભારતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

હાઈકોર્ટમાં વોટ્સએપે કહ્યું જો સરકાર મજબૂર કરશે તો ભારત છોડી દઈશું

'યુઝર્સની પ્રાઈવસી એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન દ્વારા સુરક્ષિત છે : વ્હોટ્સએપ

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટમાં વોટ્સએપે એન્ક્રિપ્શન હટાવવાનો ઈન્કાર કરી દીધો છે. અને સાથે એવું પણ કહ્યું છે કે જો સરકાર આવું કરવા મજબૂર કરશે તો ભારત છોડી દઈશું. દિલ્હી હાઈકોર્ટમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વોટ્સએપ એ સ્પષ્ટ કહ્યું છે કે જો તેને મેસેજ એન્ક્રિપ્શન તોડવા માટે મજબૂર કરવામાં આવશે વોટ્સએપ ભારતમાં અસરકારક રીતે બંધ થઈ જશે. મેટા-માલિકીની કંપની વ્હોટ્સએપે હાઈકોર્ટમાં વધુમાં કહ્યું હતું કે 'યુઝર્સની પ્રાઈવસી એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન દ્વારા સુરક્ષિત છે. આના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવે છે કે મેસેજ મોકલનાર અને રીસિવ કરનાર જ અંદરના કંટેટ જાણી શકે છે.' ઉલ્લેખનીય છે કે વોટ્સએપે આ વાત ઈન્ફોર્મેશન ટેક્નોલોજી નિયમ ૨૦૨૧ ને પડકારતી વખતે આ વાત કહી છે.

સુરતમાં ભાજપની જીતનો મુદ્દો સુપ્રીમમાં, શિવ ખેરાની અરજી પર ચૂંટણી પંચ પાસેથી જવાબ મંગાયો

સુરત,તા.૨૬

સુરતમાં ભાજપ ઉમેદવારની નિર્વિરોધ જીત જેવી બનતી ઘટનાઓ મામલે મોટા સમાચાર આવ્યા છે. આવી સ્થિતિથી બચવા માટે નોટાને ઉમેદવાર માનવાની અને નિર્વિરોધ ચૂંટણી થવાથી રોકવાવાળી અરજી સુપ્રીમ કોર્ટમાં થઈ છે. જેના પર સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચ પાસેથી જવાબ માંગ્યો છે. મોટિનેશનલ સ્પીકર શિવ ખેરાએ સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી છે. જેમાં માંગ કરવામાં આવી છે કે, નોટાને ઉમેદવાર માનવામાં આવે અને નોટાને સામેના ઉમેદવાર કરતા વધુ વોટ મળે તો ત્યાં ફરીથી ચૂંટણી કરવામાં આવે. આ સુનાવણી દરમિયાન સુરતનો ઉલ્લેખ કરવામાં આવ્યો. વકીલે કહ્યું કે, જો ત્યાં આવી વ્યવસ્થા હોત તો ત્યાં નિર્વિરોધ ચૂંટણી જીતવાની નોબત ન આવી હોત.

નોટા સંબંધિત અરજી પર સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નોટિસ પાઠવી છે. જાણીતા મોટિવેશનલ સ્પીકર શિવ ખેરા દ્વારા પિટિશન દાખલ કરવામાં આવી છે. જેમાં કમિશનને નિર્દેશ આપવા માંગ કરવામાં આવી છે કે જો નોટા (ઉપર ન હોય) ને કોઈપણ ઉમેદવાર કરતા વધુ મત મળે છે, તો તે બેઠક પર યોજાયેલી ચૂંટણી રદ કરવામાં કેવી રીતે આવે. સાથે નવી નવી ઉમેદવારી નોંધાવવામાં આવે. પણ સુરતમાં ચૂંટણી યોજવી જોઈએ.

અમરેલીના વેપારી સંગઠનોનો અનુરોધ: પહેલા કરીએ મતદાન પછી ખોલીએ દુકાન

મતદાતાઓને પ્રોત્સાહિત કરવા મતદાન કરી ખરીદી કરવા આવનારને વળતર આપવા અમરેલીના વેપારીઓની સહમતિ

ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન અંતર્ગત અમરેલીના વિવિધ વેપારી સંગઠનો અને મંડળો સાથે બેઠક યોજાઈ

અમરેલી:જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસીપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી શરુ છે.

આ કડીના ભાગરુપે જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને TIP તેમજ ખર્ચ નોડલશ્રી પરિમલ પંડ્યાના અધ્યક્ષ સ્થાને વેપારી સંગઠનો સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વેપારીઓને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યુ હતુ. મતદારોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી મતદાન કરી ખરીદી કરવા માટે આવનારા ગ્રાહકોને યથા યોગ્ય વળતર આપવાના ચૂંટણી પંચના અનુરોધને અમરેલી જિલ્લાના વેપારી સંગઠનોએ વધાવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાએ ઉપસ્થિત અમરેલી ડિસ્ટ્રીક્ટ ચેમ્બર્સ ઓફ કોમર્સ, રેડીમેઇડ ગાર્મેન્ટ એસોસિએશન, વેપારી મહામંડળ, મોલ-સુપર માર્કેટના પ્રતિનિધીશ્રીઓ, પેટ્રોલ

પમ્પના વિક્રેતાઓ, સંચાલકો, અમરેલી જિલ્લા આઈ.ટી.એસોસિએશન, મેડીકલ સ્ટોર્સ સંચાલક એસોસિએશન, ફૂટવેર એસોસિએશન, હોટલના સંચાલકો, ઈન્દિરા શોપીંગ સેન્ટર, એસોસિએશન એગ્રો પ્રોડક્ટ અને ડેરી પ્રોડક્ટના વેપારીઓ, કાપડ, કરિયાણાના વિક્રેતાઓ વગેરે વેપારી સંગઠનો અને એસોસિએશન, મંડળોના પ્રમુખશ્રીઓ તેમજ સંગઠનના હોદ્દેદારોને જણાવ્યુ કે, અમરેલી લોકસભા મતવિસ્તારમાં મતદાનની ટકાવારી વધારવા માટે છેલ્લા કેટલાક સમયથી ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરુપે વેપારીઓને મતદાન કરી આવનારા ગ્રાહકોને ૭% જેટલું અથવા પોતાની યથા શક્તિ મુજબ વળતર આપવા માટે અનુરોધ છે.

વેપારી સંગઠનો પૈકી કેટલાક સંગઠનો અગાઉથી જ આ પહેલના ભાગરૂપે તેમની સંમતિ સાથેની વિગતો પૂરી પાડી હતી. જ્યારે કેટલાક સંગઠનો આગામી દિવસોમાં વેપારીઓ સાથે સંમતિ સાધી અને પોતાના સંગઠન હેઠળના વેપારીઓ કેટલું ડિસ્કાઉન્ટ આપશે તેની વિગતો પૂરી પાડશે.

બેઠકમાં મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી અને પ્રાંત અધિકારીશ્રી મહેશ નાકીયાએ વેપારી સંગઠનોને તેમના કર્મચારીઓને મતદાન માટે સવેતન રજા અથવા મતદાન માટેના સમયની અનુકૂળતા કરી આપવા અનુરોધ કર્યો હતો. બેઠકમાં ઉપસ્થિત સૌ સંગઠનને એક જ સૂરમાં જણાવ્યું હતું કે, આગામી તા.૭ મે, ૨૦૨૪ના રોજ 'પહેલાં મતદાન પછી ખોલીએ દુકાન' બેઠકના પ્રારંભે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દીપાબેન કોટકે બેઠકનો વિષય તેમજ ટર્ન આઉટ ઈમ્પલિટેશન પ્લાન (TIP) વિશે માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે સૌએ આગામી તા. ૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન કરવાના શપથ લીધા હતા તેમજ પોતાના અને પોતાના પરિવાર તેમજ આસપાસના લોકોને મતદાન કરવા માટે પ્રેરણા આપવાની બાંહેધરી આપી હતી.

આ બેઠકમાં વિવિધ સંગઠનોના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, ખજાનચીશ્રી, સદસ્યશ્રીઓ, જિલ્લા વહીવટી-ચૂંટણી તંત્રના કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાવરકુંડલા વોર્ડ નં.-૭માં ઉનાળા દરમ્યાન પાણીની સુવિધા સુધારવા આગોતરૂ આયોજન કરાયું

સાવરકુંડલા:

સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર - ૭ માં ઉનાળા દરમ્યાન પાણીની સમસ્યાઓ ટાળવા માટે પાલિકા તેમજ નગરસેવકો દ્વારા આગોતરા પગલાં લેવામાં આવી રહ્યા છે. વોર્ડમાં ઉનાળા દરમ્યાન બોરિંગના પાણીના સ્તરમાં ઘટાડો થવાને કારણે પાણીનું પ્રેસર ઓછું થઈ શકે છે જેના કારણે વિસ્તારના રહેવાસીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે, પાલિકા દ્વારા મણિનગર અને ખાટકીવાડ વિસ્તારમાં આવેલા બોરિંગમાં નવી મોટરો સ્થાપિત કરવામાં આવી રહી છે. આ નવી મોટરો વધુ પાણી કાઢવામાં સક્ષમ હશે, જેનાથી ઉનાળા દરમ્યાન પણ પૂરતા પ્રમાણમાં પાણીનું સંચાલન થઈ શકશે અને વિસ્તારના રહેવાસીઓને પાણીની કોઈ તકલીફ નહીં

થાય.આ ઉપરાંત, પાલિકા દ્વારા પાણીનો બગાડ ઘટાડવા માટે લોકોને જાગૃત પણ કરવામાં આવી રહ્યા છે. લોકોને નળ ખુલ્લા રાખીને પાણીનો બગાડ ન કરવા અને પાણીનો કાળજીપૂર્વક ઉપયોગ કરવા માટે અપીલ કરવામાં આવી રહી છે. આ સંદર્ભ લોક પ્રતિનિધિ સોહીલ શેખ જણાવ્યું છે કે, "આપણે સૌએ મળીને ઉનાળા દરમ્યાન પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા માટે પ્રયત્ન રહેવું જોઈશે....અને એક વાત પણ મનમાં ગાંઠ વાળીને પાકી કરી લેવી જોઈએ કે પાણી છે તો જીવન છે. એનો સ્ત્રોત અખૂટ નથી એટલે પાણીનો ઉપયોગ પણ સંયમ અને વિવેક પૂર્ણ કરવો જોઇએ.

વિશ્વ મેલેરિયા દિવસ અંતર્ગત વેરાવળ ચોપાટીથી સિવિલ હોસ્પિટલ સુધી "સાયકલ રેલી" યોજાઈ

ગીર-સોમનાથ:વિશ્વ મેલેરિયા દિવસને અનુલક્ષીને દેશમાં મેલેરિયા વિશે જાગૃતિ ફેલાવવા માટે અનેક જનજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવે છે. તેને અનુલક્ષીને આજે વેરાવળ ચોપાટી થી લઈને સિવિલ હોસ્પિટલને આવરી લેતી એક સાયકલ રેલીનું આયોજન કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં કલેક્ટરશ્રી સાથે જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકર, જિલ્લા પોલીસ વડા શ્રી મનોહરસિંહ જાડેજા, નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલ સહિતના જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા.

વિશ્વમાં ખાસ કરીને ભારતમાં મેલેરિયાનો ઉપદ્રવ વધુ હોય છે. જેના કારણે બિમારી પણ ફેલાય છે. આ બધા વિશે લોકોમાં જાગૃતિ આવે તે માટે મેલેરિયા જાગૃતિ વિશેના બેનર સાથેની આ સાયકલ રેલી વેરાવળ ચોપાટી થી લઈને ટાવર ચોક અને ટાવર ચોક થી સિવિલ હોસ્પિટલ સુધી પહોંચી હતી.

"વધુ સમાન વિશ્વ માટે મેલેરિયા સામેની લડાઈને વધુ વેગ આપીએ"ની થીમ પર વિશ્વ મલેરિયા દિવસની ઉજવણી અંતર્ગત નાગરિકો સ્વચ્છતા જાળવે અને મલેરિયા રોગ નાબૂદી માટેની જાગૃતિ કેળવાય તેમજ નાગરિકો બહોળી સંખ્યામાં મતદાત કરે તેવા આશય સાથે આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશના નાગરિકોના સારા સ્વાસ્થ્ય માટે મલેરિયાના રોગને અટકાવવો જરૂરી છે. તેવી જ રીતે સ્વસ્થ લોકશાહીને ધબકતી રાખવા માટે દેશના પ્રત્યેક નાગરિકોએ મતદાન કરવું જરૂરી છે, તેવાં જાગૃતિના સંદેશ આપતાં પોસ્ટરો સાથે "સાયકલ રેલી" ચોપાટી મેદાન, ટાવર ચોક, બસ સ્ટેશન, સિવિલ હોસ્પિટલ સહિતના વિસ્તારોમાં ફરી હતી.

આ રેલીમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શ્રી અરુણ રોય, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એન.બી.મોદી, પ્રાંત અધિકારી શ્રી વિનોદ જોષી, ડેપ્યુટી કલેક્ટર-૧ શ્રી ભૂમિકાબેન વાટલીયા સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયાં હતાં.

સરકારી સિવિલ હોસ્પિટલના ડોક્ટર કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપાયા!

કલેક્ટરની સિવિલ હોસ્પિટલની આકસ્મિક મુલાકાતમાં ઘટના સામે આવી

ગીર સોમનાથ: આજરોજ વિશ્વ મેલેરિયા દિવસના અવસરે યોજાયેલ સાયકલ રેલીમાં જોડાયા બાદ કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજા અચાનક વેરાવળ ખાતે આવેલ સિવિલ હોસ્પિટલ ખાતે અચાનક તપાસ અર્થે પહોંચ્યા હતાં.કલેક્ટરશ્રીએ સિવિલ હોસ્પિટલના દરેક વિભાગોઅને વોર્ડની મુલાકાત લીધી હતી. આ દરમિયાન માલુમ પડે અસુવિધાઓ અંગે કલેક્ટરશ્રીએ સિવિલ હોસ્પિટલના અધિકારી વર્ગને જરૂરી સૂચનાઓ આપી દર્દીઓને કોઇ અગવડ ન પડે તેના પર ભાર મુક્યો હતો.કલેક્ટરશ્રીએ સિવિલ હોસ્પીટલની મુલાકાત દરમિયાન હોસ્પિટલમાં નિયમ પ્રમાણે રાઉન્ડ ધ ક્લોક સિક્યૂરીટી રાખવાં, સિવિલ હોસ્પિટલમાં અનધિકૃત

લોકો ન આવે, સિવિલ હોસ્પિટલમાં બહારના વાહનો પાર્ક ન થાય, કંપાઉન્ડના બહારના ભાગે થયેલ દબાણ દૂર કરવામાં આવે, સિવિલ કેમ્પસમાં સંપૂર્ણ સ્વચ્છતા જળવાય, કેમ્પસમાં કોઇપણ પાન-માવા અને બીડીનો ઉપયોગ કરે તો તેને દંડ કરવો, મશીનરીની યોગ્ય રીતે જાળવણી અને વપરાશ થાય તે માટેની સૂચનાઓ આપી હતી.કલેક્ટરશ્રીએ આ સિવાય સ્ટાફનો પરિચય કેળવી તેમની કામગીરીની જાણકારી મેળવી રહ્યા હતા. તેદરમિયાન સિવિલ હોસ્પિટલના ગાયનેકોલોજિસ્ટ એવા ડૉ. એ.બી. સોંદરવા, વર્ગ૧ બરોબર જવાબ ન આપી શકતાં તેમજ ડોક્ટર કેફી પીણું પીધું હોય તેવી શંકા જણાતાં તુરંત જ પોલીસને બોલાવી તેમનો બ્લડ ટેસ્ટ લેવાની સૂચના આપી હતી.જેનો તાત્કાલિક અમલ કરતાં સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. પી.બી. નારીયા, વર્ગ-૧ એ વેરાવળ સિટી પોલીસમાં આ અંગે વિધિવત એફ.આર.આઇ. નોંધાવી છે. આ બાબતે ડૉ. એ.બી. સોંદરવાને હિરાસતમાં લઈને વેરાવળ સિટી પોલીસના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી ભારતીબેન રાઠોડે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વિનામૂલ્યે નેત્રનિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

સાવરકુંડલા:

શ્રી સદગૂરૂ શ્રીકબીર સાહેબ સેવા ટસ્ટ સાવરકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સુદર્શન નેત્રાલય હોસ્પીટલ સંચાલિત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પમાં આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું. આ કેમ્પની અંદર ઓ.પી.ડી.માં ૭૨ દર્દીઓએ લાભ લીધો હતો. અને તેમજ મોતિયાના ઓપરેશન માટે ૨૫ દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પનું દિપ પ્રાગટય કબિર ટેકરી નાં મહંત શ્રી નારાયણ સાહેબ, લાયન્સ કલબ ઓફ અમરેલી સામાજિક સેવા સંસ્થાન શ્રી બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી વિશાલભાઇ વ્યાસ, જગદીશભાઈ જેઠવા જિતેનભાઇ હેલૈયા, મેહુલભાઈ ત્રિવેદી તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ સુદર્શન નેત્રાલયના કર્મચારી નિલેષભાઈ ભીલ, તથા કબીર ટેકરી ના સ્વયંમ સેવકો વગેરેએ સેવા આપી હતી. આ કેમ્પ દર મહિનાના ત્રીજા ગુરુવારે છેલ્લા ૧૨ વર્ષથી યોજાય છે

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા પાલિતાણામાં ૧૧ ચેકડેમો બનાવાયા

રાજકોટ:સૌરાષ્ટ્રમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૪૫થી વધુ ચેકડેમ રિપેરિંગ ઉંડા અને ઉંચા કરવા તેમજ નવા બનાવેલ છે.જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકાયલ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.સિહોર તાલુકાના પાલીતાણાની બાજુમાં ટોડી ગામમાં ધમપાલી વીપશ્યના ધ્યાન કેન્દ્ર છે તે કેન્દ્ર જેવા ઘણા વિપશ્યના સંચાલક રાજુભાઈ મહેતા જે હાલ રાજકોટના રહેવાસી (ભાભા હોટેલ) અને બોમ્બેના સાધક દાતા દુર્ગેશભાઈ શાહના આર્થિક સહયોગથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આ વર્ષે ૧૧ ચેકડેમનું કાર્ય પૂર્ણ કર્યું.જેમાં ૪ ચેકડેમ નવા અને ૭ ચેકડેમ રીપેરીંગ અને ઉંચા કરેલ છે.તેમજ ગયા વર્ષે ચેકડેમ બનાવેલ હતાં. હાલ તેને ઉંડા કરવાનું કામ ચાલુ છે. જેનાથી ખેડૂતોને ખેતીમાં શિયાળુ પાકમાં ખેત ઉત્પાદનમાં ખુબ મોટો આર્થિક ફાયદો થયો છે.આ કર્યે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ ડેકોર, ટોડી ગામના આગેવાનો ગોહિલ વેલુભા ભરતસિંહ ગામના સરપંત ભુપેન્દ્રસિંહ કિરીટભાઈ ઘણા ખેડૂતોનો સહયોગ રહ્યો હતો.

ચૂંટણી પૂર્વે રાજકોટમાં સહકારી ક્ષેત્રે 'ગરમી' ! 'ઈફકો'માં રાદડીયા કે અમદાવાદના બીપીન પટેલ ?

ઈફકોના આખા ડાયરેકટર બોર્ડે ફોર્મ ભરી દીધા છે, મેન્ડેટની ખબર નથી : રાદડીયા

રાજકોટ:

રાજકોટ સહિત ગુજરાતભરમાં લોકસભા ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે તેવા સમયે રાજકોટના સહકારી જગતમાં એકાએક ગરમી સર્જાય છે. આગામી ૯મી મેના રોજ યોજાનારી ઈફકોની ચૂંટણીમાં ખેંચતાણ સર્જાયાના એંધાણ હોય તેમ રાજકોટના સહકારી નેતા અને ભાજપના ધારાસભ્ય એવા જયેશ રાદડીયાએ ફોર્મ ભરી દીધુ છે તો બીજી તરફ ભાજપ દ્વારા અમદાવાદના બીપીન નારણભાઈ પટેલ (ગોતા)ના નામનો મેન્ડેટ જારી કરવામાં આવ્યો છે રાજકોટ સહિત સમગ્ર ગુજરાતના ભાજપના સંગઠન પ્રમુખોને પાઠવી પોતપોતાના જિલ્લાના ડેલીગેટ મતદારોને બિપીન પટેલ તરફી મતદાન કરવાની સૂચના આપવા કહેવામાં આવ્યું છે. આ ઘટનાક્રમથી લોકસભા ચૂંટણી ટાંણે જ રાજકોટના સહકારી જગતમાં જબરી ચર્ચા શરૂ થઇ છે. સહકારી ક્ષેત્રના સુત્રોએ જણાવ્યું છે કે દેશની ટોચની સહકારી સંસ્થા ઈફકોની ચૂંટણી આગામી ૯ મેના રોજ યોજાનારી છે. તેમાં ગુજરાતની એક બેઠક છે. છેલ્લી બે ટર્મથી જયેશ રાદડીયા જ તેમાં બિનહરીફ ચૂંટાતા રહ્યા છે અને વર્તમાન ડાયરેકટર પણ છે.આ વખતે તેઓ જ ચૂંટણી લડશે તે નકકી ગણવામાં આવતું હતું અને તે મુજબ તેઓએ ગઇકાલે દિલ્હી પહોંચીને ઉમેદવારી પણ નોંધાવી દીધી હતી. આ દરમ્યાન ભાજપ દ્વારા હવે બિપીન પટેલ (ગોતા)ના નામનો મેન્ડેટ ઈસ્યુ કરીને ચૂંટણીમાં તેમના તરફી

મતદાન થાય તે જોવાની તાકીદ કરવા સાથે તમામ જિલ્લાના સંગઠન પ્રમુખોને મેન્ડેટનો પત્ર પાઠવવામાં આવ્યો છે. આ સંજોગોમાં ઈફકોના ઉમેદવાર તરીકે જયેશ રાદડીયા હશે કે બિપીન પટેલ તે વિશે સહકારી ક્ષેત્રમાં જોરદાર ચર્ચા થવા લાગી છે. ઈફકોના ગર્વનીંગ બોર્ડને લાગે વળગે છે ત્યાં સુધી ગુજરાતની એક બેઠક છે. રાજકોટ જિલ્લાના ૪૨ સહિત સમગ્ર ગુજરાતના ૧૭૬ ડેલીગેટ મતદારો છે જેઓને ચૂંટણીના સંજોગોમાં મતદાન કરવાનો અધિકાર મળે છે. વર્તમાન ડાયરેકટર જયેશ રાદડીયા બે ટર્મથી ચૂંટાતા રહ્યા છે.આ વખતની ત્રીજી ટર્મ માટે તેઓએ ફોર્મ ભર્યુ છે. ભાજપ દ્વારા છેલ્લા કેટલાક વખતથી સહકારી ક્ષેત્રની ચૂંટણી પણ પક્ષીય ધોરણે લડવાનું જાહેર કરી દેવામાં આવ્યું જ હતું. રાજકોટની જિલ્લા બેંક હોય કે લોધીકા સંઘ અથવા તો ડેરી તમામની ચૂંટણી વખતે પાર્ટી દ્વારા જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય લેવલની સંસ્થા ઈફકોમાં પણ સમાન પ્રણાલી અપનાવવામાં આવતી હોવાનું સ્પષ્ટ છે.ઈફકોના ડાયરેકટર જયેશ રાદડીયાનો સંપર્ક સાધતા તેઓએ જણાવ્યું હતું કે, ૯ મેના રોજ ચૂંટણી યોજાવાની છે. ગઇકાલે ઈફકોની બોર્ડ મીટીંગ હતી અને તેમાં ભાગ લેવા પોતે દિલ્હી ગયા હતા. આ સમયે વર્તમાન બોર્ડના તમામ ડાયરેકટરોએ એક સાથે ફોર્મ ભરી દીધા હતા. મેં પોતે પણ ઉમેદવારી નોંધાવી દીધી છે. ભાજપ દ્વારા બિપીન પટેલના નામનો મેન્ડેટ ઈસ્યુ કરવામાં આવ્યો છે તે વિશે પોતાને કોઇ જાણકારી નથી. લોકસભાની ચૂંટણી છે અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની જામકંડોરણામાં સભા હોવાથી ચૂંટણી પ્રચાર અને અમિત શાહના કાર્યક્રમની તૈયારીમાં વ્યસ્ત છું.

૨૬ એપ્રિલ - વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ

૨૬ એપ્રિલ - વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ અને તે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે જે બૌદ્ધિક સંપદા અધિકારો નવીનતા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવામાં ભજવે છે. આ દિવસ દર વર્ષે ૨૬ એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે અને પેટન્ટ, કૉપિરાઇટ, ટ્રેડમાર્ક અને ડિઝાઇન રોજિંદા જીવનને કેવી રીતે પ્રભાવિત કરે છે તે અંગે જાગૃતિ લાવવા માટે ૨૦૦૦ માં વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન (WIPO) દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી. અને તે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે જે બૌદ્ધિક સંપદા અધિકારો નવીનતા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહિત કરવામાં ભજવે છે.

ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૬૬મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે

ચલાલા:વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા.૦૮-૦૫-૨૦૨૪ બુધવારના રોજ ૨૬૬મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોક્ટરોની ટીમ સેવા આપશે . પરિમલભાઈ મીનાબેન અતુલભાઈ શ્રુતિ એન્ડ સોહમ તન્ના પરિમલભાઈના ૬૦ માં જન્મદિવસની ઉજવણી નિમિતે - યુ.કે ના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી . દંતયજ્ઞમાં દાંતના તમામ રોગો જેવા કે દાંત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે. સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો, વગેરેની સારવાર કરી દવા પણ વીનામુલ્યે આપવામાં આવશે.હરિબા મહિલા કોલેજમાં દીકરીઓ માટે B. P. E. S(સ્પોર્ટ્સ), આર્ટ્સ, કોમર્સ, B.C.A. જેનું પ્રવેશ કાર્ય શરુ છે. ઉપરોક્ત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપરોક્ત તમામ સારવાર વિનામુલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પૂ.શ્રી રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.

ઊના દેલવાડા રોડ અકસ્માત ઝોન બનયો

નવિન જોષી ઊના: ઊના દેલવાડા રોડ જાણે અકસ્માત નો ઝોન તરીકે બની ગયો હોય તેમ વારંવાર અકસ્માત ના બનાવો વધ્યા છે જેમાં દેલવાડા ગામના નગાભાઈ જીણાભાઇ બાંભણિયા અને તેમના પત્ની લીલી બેન નગા ભાઈ મોટર સાયકલ ઉપર જતા હતા ત્યારે દેલવાડા ગામ પાસે એક મોટર સાયકલ ચાલક એ પુર ઝડપે અને બેદરકારી થી ચલાવી ડબલ સવારી વાળા મોટર સાયકલ સાથે ભટકાવ તા દંપતિ રોડ ઉપર પડી જતા પતિ ને માથા મા અને પત્ની ને પગ અને શરીર ઉપર ગંભીર ઈજાઓ પહોંચતા ઊના હોસ્પિટલ માં સારવાર માટે ખસેડાયા હતા પોલીસ ને જાણ થતા કાર્ય વાહી કરી રહી છે.

હિટવેવ સંદર્ભે ખેડૂતોએ સાવચેતી રાખવા માર્ગદર્શિકા જાહેર

બપોરે ખેતીની પ્રવૃત્તિઓ બંધ રાખવી: પશુઓને છાંયડામાં રાખવા

અમરેલી:

ઉનાળાની ઋતુના સમયે રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે તેમજ હવામાન વિભાગ દ્વારા એપ્રિલ માસના અંત તથા મે માસમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે, ત્યારે ઉનાળુ ઋતુના ઊભા પાક અંગે સાવધાની રાખવા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

જે મુજબ,ખેડૂતોએ ખેતરમાં ઊભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. તેમજ વહેલી સવારે તથા સાંજના સમયે પિયત આપવું. આ સાથે જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવા પાકના અવશેષો, પોલીથીન તેમજ માટી વડે આચ્છાદન કરવું. તેમજ જમીનમાં ભેજ જળવાઈ રહે તે માટે ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો. બપોરના કલાકો દરમિયાન ખેતી વિષયક પ્રવૃત્તિઓ બંધ રાખવી. જેથી ખેડૂતોને ગરમીમાં રાહત મળી શકે.ઉપરાંત પશુઓને છાંયડામાં રાખવા. તેમના પીવાના પાણી માટે ચોખ્ખું અને ઠંડુ પાણી આપવું. તેમજ પશુોને ખોરાકમાં લીલું ઘાસ અને ખનીજયુક્ત દ્રવ્ય આહાર આપવો. ઓછી ગરમીના કલાકોમાં પશુઓને ચરાવવા માટે લઈ જવા તેમજ બપોરના સમયે દુધાળા પશુઓને ચરાવવા નહીં કે ખોરાક આપવો નહીં.

કૃષિ હવામાન એડવાઈઝરી અને સેવાઓ માટે મેઘદૂત મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવી તથા તેમાં જણાવેલી વિગતોનો જરૂરિયાત મુજબ ઉપયોગ કરવો.

આ અંગે વધુ જાણકારી માટે પોતાના વિસ્તારના ગ્રામ સેવક કે વિસ્તરણ અધિકારી, ખેતીવાડી અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, મદદનીશ ખેતી નિયામક, તાલુકા અમલીકરણ અધિકારી અથવા કિસાન કોલ સેન્ટરનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

રાજકોટમાં ફૂડ શાખાએ ૨૨ ધંધાર્થીઓને ત્યાં ચેકિંગ કર્યું : ૧૯ નમૂનાની સ્થળ ઉપર તપાસ

૪ ધંધાર્થીઓને ફૂડ લાઈસન્સ અંગે અપાઈ નોટિસ : ૪ નમૂના લીધા

રાજકોટ,

રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા આજે ફરી વખત ૨૨ ખાણી-પીણીના ધંધાર્થીઓને ત્યાં ચેકીંગ હાથ ધરતા જલારામ ખમણ, બાલાજી ઘુઘરા સહિતના એકમો ફૂડ લાયસન્સ વગર ધમધમતા હોવાનું ખુલવા પામ્યું હતું આથી ફૂડ વિભાગે નોટીસ ફટકારી ખાદ્યચીજોના ૧૯ નમુનાની સ્થળ ઉપર ચકાસણી કરી હતી. તેમજ ૪ સ્થળેથી શુધ્ધ ઘી કોલ્ડ્રીંક્સ અને પંજાબી સબ્જીના સેમ્પલ લીધા હતાં પરંતુ અખાદ્ય પદાર્થ કોઈ જગ્યાએથી મળ્યો ન હોવાનું જણાવ્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા વાન સાથે શહેરના ક્રિસ્ટલ મોલ થી આકાશવાણી ચોક વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૪ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૯ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ તથા શહેરના ક્રિસ્ટલ મોલથી આકાશવાણી ચોક વિસ્તારમાં આવેલ (૦૧)જલારામ ખમણ - લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૨)શ્રી બાલાજી ઘૂઘરા - લાઇસન્સ મેળવવા બાબતે સૂચના (૦૩)ગાંધી સોડા શોપ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૪)શુભ બ્રેકફાસ્ટ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ તથા (૦૫)રાજ સેન્ડવીચ (૦૬)નેશનલ ચાઈનીઝ પંજાબી (૦૭) જીજે-૫ સેન્ડવીચ (૦૮)શંકરવિજય ડેરી ફાર્મ (૦૯)પટેલ ડાઈનીંગ હોલ (૧૦)શિવ ઢોસા ફળા પાઉંભાજી (૧૧)કૃશ કાફે (૧૨)સંતુષ્ટિ શેક (૧૩)ટી સ્ટેશન (૧૪)સંતુષ્ટિ શેક (યાજ્ઞિક રોડ વાળા) (૧૫)પાંડેજી (૧૬)વર્લ્ડ ઓફ વેફલ્સ (૧૭)જય ભવાની વડાપાઉં (૧૮)ઢોસા હબ (૧૯)૨૨ પેરેલલ (૨૦)જલારામ આલ્પાહાર (૨૧)જોગમાયા આલ્પાહાર (૨૨)ટ્વીલાઇટ સોડાની ચકાસણી કરવામાં આવેલ હતી.

શંકાસ્પદ પંજાબી સબ્જી, શુધ્ધ ઘીના સેમ્પલ લેવાયા જેમાં દાવત બ્રાન્ડ જીરા ફ્લેવર કોલ્ડ્રીંક્સ સ્થળ-શ્રી ખોડિયાર સેલ્સ એંજન્સી, બાપુનગર, જીલ્લા ગાર્ડન રોડ, શેરી નં.૪, રાજકોટ, દાવત બ્રાન્ડ ઓરેન્જ લેમન જ્યુસ, ડ્રીંક્સ સ્થળ-શ્રી ખોડિયાર સેલ્સ એંજન્સી, બાપુનગર, જીલ્લા ગાર્ડન રોડ, શેરી નં.૪, રાજકોટ. પનીર તુફાની (પ્રિપેર્ડ સબ્જી-લુઝ): સ્થળ- સાસુજી

કા ઢાબા, આલાબાઈનો ભઠ્ઠો, મહિલા કોલેજ ચોક, કિશાનપરા રોડ, રાજકોટ, શુધ્ધ ઘી (લુઝ): સ્થળ- ક્રિષ્ના ડેરી ફાર્મ, અંકુરનગર મે. રોડ, વૃંદાવન સોસાયટી શેરી નં.૪, મવડી, રાજકોટ.

રાજકોટના દારૂ, વ્યાજખોરીના ગુનામાં સંવાડાયેલ શખ્સ પાસામાં ધકેલાયો

રાજકોટ,

રાજકોટ કોઠારીયા રોડ પર આનંદનગર ક્વાર્ટરમાં રહેતાં અને તાજેતરમાં ડીસીબીએ જેને ગેરકાયદે હથીયાર સાથે દબોચ્યોગ હતો તે બહુનામધારી શખ્સને પોલીસ કમિશનર રાજુ ભાર્ગવએ પાસા તળે જેલમાં ધકેલી દીધો છે. બાર ગુનાઓમાં આ શખ્સ ની સંડોવણી હતી.

જાણવા મળ્યાએ મુજબ આનંદનગર ક્વા.ર્ટર નં. એલ-૬ રૂમ નં. ૬૯માં રહેતો સમીર ઉર્ફે સલિમ ઉર્ફે સલિયો ઉર્ફે કાતર આમદભાઇ જુણેજા (ઉ.વ.૨૩)ને તાજેતરમાં ડીસીબીએ ગેરકાયદે હથીયાર સાથે પકડયો હતો. આ શખ્સબને પાસામાં ધકેલવાની

દરખાસ્ત ભક્તિનગર પોલીસે તૈયાર કરતાં પોલીસ કમિશનરે મંજુર કરી વોરન્ટ ઇશ્યુ કરતાં તેને અમદાવાદ જેલમાં ધકેલી દેવાયો છે.

આ શખ્સદ અગાઉ ભક્તિાનગર, પ્ર.નગર, ડીસીબી પોલીસ સ્ટે શનોમાં ચોરી, દારૂ, મનીલેન્ડ. એક્ટ્, આર્મ્સ એક્ટ સહિતના એક ડઝન ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યોક હતો. જેસીપી વિધી ચોધરી, ડીસીપી સઙ્ઘનસિંહ પરમાર, એસીપી બી. વી. જાધવની રાહબરીમાં પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયા, પીસીબી પીઆઇ એસ.એસ. રાણે, પીએસઆઇ એમ. એન. વસાવા, એએસઆઇ નિલેષભાઇ મકવાણા, કોન્સપ. અરવિંદભાઇ ફતેપરા, રાજદિપસિંહ જાડેજા, કરણભાઇ કોઠીવાર, પીસીબીના રાજુભાઇ દહેકવાલ, ઇન્દ્રફજીતસિંહ સીસોદીયા અને રાહુલગીરી ગોસ્વાકમીએ વોરન્ટ બજવણી કરી હતી.

પોલીસ સમાચાર

રાજકોટમાં બેકાબુ કાર રસના ચિચોડામાં ઘૂસી જતા નુકશાન



રાજકોટ,

રાજકોટમાં રાજમાર્ગો ઉપર છાસવારે નબીરાઓ અકસ્માતો સર્જે છે તેમાં વધુ એકનો ઉમેરો થયો છે. શહેરના કુવાડવા રોડ ઉપર ગ્રીનલેન્ડ ચોકડી પાસે સવારે ૧૧ વાગ્યા આસપાસ એક કાર ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર બાપા સીતારામ રસ ડેપોમાં ઘુસી ગઇ હતી. સદનસીબે કોઇ જાનહાનિ થઇ નથી. કારમાં ભારે નુકસાન થયું હતું.

રાજકોટના શાપર-વેરાવળ પાસે ડમ્પર પાછળ ડમ્પર ઘુસી જતા ચાલકનું મોત

રાજકોટ,

રાજકોટના શાપર-વેરાવળ પાસે ડમ્પર પાછળ બીજુ ડમ્પ ર ઘુસી જતા ડ્રાઇવરનું મોત નિપજયું હતું. પ્રાપ્ય વિગતો મુજબ શાપર-વેરાવળ પાસે નેશનલ હાઇવે ઉપર શાપર પુલ ઉતરતા ગોદાવરી ગેઇટની સામે ગઇકાલે ડમ્પર ટ્રક નં. જીજે-૧૨ બી. વાય. ૯૩૫૪ ઉભુ હતું ત્યારે પાછળથી આવતુ ડમ્પર ટ્રક નં. જીજે-૦૩-બી.ઝેડ ૭૬૦૬ ઘુસી જતા ડ્રાઇવર રમેશભાઇ સરદારભાઇ પટેલીયા રે. મુળ મિથાલી તા. શહેરા જી. પંચમહાલને ગંભીર ઇજા થતા સારવાર અર્થે રાજકોટ હોસ્પીટલમાં ખસેડાયેલ જયાં તેનું મોત નીપજયું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઇ મનીષભાઇએ ડમ્પર ટ્રક ચાલક સામે ફરીયાદ નોંધાવતા શાપર-વેરાવળ પોલીસે ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

રાજકોટના મેટોડામાં ઘરકામ બાબતે ઝઘડો થતા સગીરાએ ઝેરી દવા પીધી

રાજકોટ,

રાજકોટ મેટોડા જીઆઇડીસી વિસ્તારમાં રહેતી ૧૮ વર્ષીય શબનમકુમારીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે બપોરે ૩ વાગ્યે દાખલ કરવામાં આવેલ. પોલીસે નોંધ કરતા જાણવા મળેલ કે, તેણીએ ઝેરી દવા પીધી હતી. પરિવારે કહ્યું કે, તેણીને નાની બેન સાથે ઘર કામ બાબતે ઝઘડો થયેલો. જેનું લાગી આવતા ઝેરી દવા પીધી હતી. શબનમ ધો.૧૦માં અભ્યાસ કરે છે. તે ત્રણ બહેનમાં મોટી છે. પરિવાર મૂળ બિહારનો છે. મેટોડા પોલીસે નિવેદન લેવા તજવીજ હાથ ધરી હતી.

જૂનાગઢનાં મજેવડી ગામે જુગાર રમતા ચાર પકડાયા : પાંચ નાસી ગયા ઝડપાયા

જુનાગઢ,

જૂનાગઢનાં મજેવડી ગામે કોળીવાડામાં મંદિર પાસે જાહેરમાં લાઈટના અજવાળે જુગાર ખેલતા સુરેશ મનસુખભાઈ પોકિયા અને ગિરીશ ઉર્ફે ગીલો ગાંડુભાઈ ઘાડીયાને તાલુકા પોલીસે રૂપિયા ૬૩૦ સાથે ઝડપી લીધા હતા.જ્યાઅરે સાગર કનાભાઈ, અશોક ઉર્ફે કટિયો દિલીપભાઈ, દિલીપ ખોડાભાઈ, વિજો ગિરધરભાઈ અને યુસુફભાઈ સીડા સહિત પાંચ શખ્સા નાસી જતાં વધુ તપાસ હાથ ધરી હતી.

આ ઉપરાંત તાલુકા પોલીસે ડેરવાણ ગામેથી કનુ રાણીગભાઈ અને ઉમરભાઈ હનુભાઈને વરલીના આંકડા લેતા ઝડપી લઇ રૂપિયા ૧૧,૨૦૦નો મુદ્દામાલ આગળની તપાસ હાથ ધરી હતી.

મારવાડી યુનિ.એ ૧૦૦ પેટેન્ટ ફાઈલ કરીને નવું સીમાચિહ્ન કર્યું હાંસલ

પેટેન્ટ હેલ્થકેર, સેનિટેશન, ઇન્ફ્રાસ્ટ્રકચર અને કલાઇમેટ એકશન સહિતના વિવિધ ક્ષેત્રોના ગંભીર પડકારોને ઉકેલવા યુનિ.કટિબધ્ધઃ છેલ્લા બે વર્ષમાં ૨૧૦થી વધારે આઇપીઆર ફાઇલ કર્યા

રાજકોટ,

મારવાડી યુનિવર્સિટીએ તેના સેન્ટર ફોર ઇનોવેશન, ઇક્યુબેશન એન્ડ રીસર્ચ મારફતે ભારતના ઇન્ટેલેક્યુઅલ પ્રોપર્ટી લેન્ડસ્કેપમાં નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કરીને વર્લ્ડ આઇપી ડે ૨૦૨૪ની ઉજવણી કરી હતી. આ દિવસની ઉજવણી કરવા માટે ૧૦૦ પેટેન્ટ્સ ફાઇલનનકરીને મારવાડી યુનિવર્સિટીએ નવીનીકરણને પ્રોત્સાહન આપવાની તેની કટિબદ્ધતાનું પાલન કર્યું છે.

વર્લ્ડ ઇન્ટેલેક્યુઅલ પ્રોપર્ટી ડે દર વર્ષે ૨૬ એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે. પેટેન્ટ્સ, કોપીરાઇટ, ટેડમાર્ક્સ અને ડીઝાઇન્સ અંગે તથા તે લોકોના રોજબરોજના જીવન પર કેવી રીતે પ્રભાવ પાડે છે તેના અંગે જાગૃતિ પેદા કરવા માટે તથા સર્જનાત્મકતા અને સમગ્ર વિશ્વના સર્જકો અને ઇનોવેટર્સ દ્વારા આપવામાં આવેલા યોગદાનોને સન્માનિત કરવા માટે વર્ષ ૨૦૦૦માં વર્લ્ડ ઇન્ટેલેક્યુઅલ પ્રોપર્ટીનનઓર્ગેનાઇઝેશન દ્વારા આ ઇવેન્ટની સ્થાપના કરવામાં આવી હતી.ઉંના સ્ટેટિસ્ટિક્સ મુજબ વર્ષ ૨૦૨૨માં સમગ્ર વિશ્વમાં ૩૪.૫૭ લાખ પેટેન્ટ્સ ફાઇલ કરવામાં આવી હતી. ઇન્ડિયા પેટેન્ટ ઑફિસ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં લગભગ ૮૦,૨૧૧ પેટેન્ટ્સ ફાઇલ કરવામાં આવી હતી. તે ભારતમાં નવીનીકરણો અને આઇડીયાને માન્યતા આપવાની અને તેને પેટેન્ટ કરાવવાની તાત્કાલિક જરૂરિયાત પર પ્રકાશ પાડે છે.

વર્લ્ડ આઇપી ડે ૨૦૨૪ના રોજ ૧૦૦ પેટેન્ટ્સ ફાઇલ કરાવવીએ ફકત એક પ્રતીકાત્મક કાર્ય નહોતું પરંતુ તે તો યુનાઇટેડ નેશન્સ દ્વારા સ્થાપવામાં આવેલા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (એસડીજી)ને અનુરૂપ રહીને નવીનીકરણને આગળ વધારવાની મારવાડી યુનિવર્સિટીની કટિબદ્ધતાનું મૂર્ત પ્રદર્શન હતું. આ પેટેન્ટ્સ હેલ્થકેર, સેનિટેશન, ઇન્ફ્રાસ્ટક્ચર અને કલાઇમેટ એક્શન સહિતના વિવિધ ક્ષેત્રોના ગંભીર પડકારોને ઉકેલવા માટેના ઉપાયોની વૈવિધ્યપૂર્ણ શ્રેણી પૂરી પાડે છે.વધુમાં મારવાડી યુનિવર્સિટીએ સ્ટ્રોક રીહેબિલિટેશન માટે ઇલેક્ટ્રિકલ સ્ટિમ્યુલેટર, પાણીના શુદ્ધિકરણ માટે નેનો-સેલ્યુલોઝ ફાઇબર્સ અને ખેતીની ઊપજમાં નોંધપાત્ર વધારો કરવા માટે સ્માર્ટ એગ્રીકલ્ચર સિસ્ટમ જેવી ક્રાંતિકારી ટેકનોલોજીઓ પણ વિકસાવી છે.યુનિવર્સિટીએ રાજ્ય સરકારના સ્ટુડેન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પ્રોગ્રામ (એસએસઆઇપી)ની સાથે ભેગા મળીને પેટેન્ટ્સને ફાઇલ કરવા માટે રૂ. ૧૮ લાખ ખર્ચ્યા હતા. મોટાભાગના પેટેન્ટ્સ ફેકલ્ટી ઑફ એન્જિનીયરિંગ દ્વારા શરૂ કરવામાં આવી હતી.

મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી ધ્રુવ મારવાડીએ જણાવ્યું હતું કે, 'મારવાડી યુનિવર્સિટી ખાતે અમે નવીનીકરણ અને ઇન્ટેલેક્યુઅલ પ્રોપર્ટીના સંરક્ષણ માટેની એક સહાયક ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છીએ.છેલ્લાં બે વર્ષમાં યુનિવર્સિટીના ખઝઇંઈછ સેન્ટરે ૨૧૦થી વધારે આઇપીઆર ફાઇલ કર્યા છે, જેમાં આઇપી ઑફિસ તરફથી ગ્રાન્ટ મેળવવામાં સફળતાનો દર ૭૫% જેટલો ખૂબ જ સારો રહ્યો છે. યુનિવર્સિટીની આ પહેલ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને ઇન્ડસ્ટ્રી પાર્ટનરોમાં ઇનોવેશન અને આંત્રપ્રેન્યોરશિપના કલ્ચરને પ્રોત્સાહન આપવાની કટિબદ્ધતાને દર્શાવે છે. વધુ માહિતી માટે કૃપા કરીને ૬૩૫૯૭૦૧૯૦૨ પર હર્ષલ મિસ્ત્રીનો સંપર્ક કરો.

રાજકોટના નવાગામ બામણબોરમાંથી જુગાર રમતા ચાર પત્તાબાજો પકડાયા

રાજકોટ,

રાજકોટ એરપોર્ટે પોલીસે નવાગામ બામણબોરમાંથી ચાર જુગારીઓને દબોચી લીધા હતા. મળતી વિગત મુજબ એરપોર્ટે પોલીસ મથકના કોન્સ્ટેબલ સુરેશભાઈ ગમારા, સારંગભાઈ ઓગાણીયા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન નવાગામ બામણબોર મેલડી માતાના મંદીર પાસે જાહેરમાં પત્તા ટિંચતા અમરશીભાઈ મનજીભાઈ સરવૈયા (ઉ.વ.૫૦), વાલજીભાઈ જીવાભાઈ જેસાણી (ઉ.વ.૬૬), હિતેષભાઈ ખોડાભાઈ બાવળીયા (ઉ.વ.૩૩), રાજુભાઈ ખોડાભાઈ નાગાણી (ઉ.વ.૨૭) (રહે- તમામ નવાગામ, બામણબોર ગામ) ને પકડી પાડયા હતા. પોલીસે રોકડ રૂ.૩૯૦૦ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રાજકોટના લક્ષ્મીનગરમાંથી ૪૬ બોટલ દારૂ સાથે દંપતી ઝડપાયું

રાજકોટ,

રાજકોટ લક્ષ્મીનગર શેરી નજીક દારૂ સાથે બાઈકમાં નિકળેલ દંપતિને માલવીયાનગર પોલીસે પકડી ૪૬ બોટલ રૂા.૭૪૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.દરોડાની વિગત મુજબ, માલવીયાનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ડી.પી.બગડા, કોન્સ્ટેબલ મયુરદાન બાટી સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે લક્ષ્મીનગર શેરી નં.૧, ચામુંડા માતાજીના મંદિર નજીકથી બાઈકમાં પસાર થતા દંપતીને અટકાવી તપાસ કરતાં તેની પાસેથી દારૂની ૪૬ બોટલ મળી આવતા હિતેષ ભુપેન્દ્ર ચાવડા અને ભાનુબેન ચાવડા (રહે. બન્ને આંબેડકરનગર શેરી નં.૧૪)ની ધરપકડ કરી રૂા.૭૪૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ઉપલા કાંઠે પરસોત્તમભાઈ રૂપાલાની પદયાત્રામાં છવાયો કેસરિયો

રાજકોટ,

આગામી લોક્સભાની ચૂંટણી અન્વયે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ ધ્વારા વિવિધ વોર્ડમાં ડોર ટૂ ડોર લોક્સપર્ક, જુથબેઠક, બુથ બેઠક, પ્રચાર-પ્રસાર, સાહિત્ય-પત્રિકા વિતરણ સહિતની કામગીરી વેગવંતી કરવામાં આવી છે ત્યારે રાજકોટ લોક્સભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ,સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડો.દર્શીતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા,પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, પૂર્વ મેયર ડો. પ્રદિપભાઈ ડવ સહીતના અગ્રણીઓ ધ્વારા વિધાનસભા-૬૮ના વિવિધ વિસ્તારો પેડક રોડ, રણછોડ નગર, સંત કબીર રોડ, કુવાડવા રોડ સહિતના વિસ્તારોમાં પદયાત્રા- લોક્સંપર્ક યોજાયો હતો.આ પદયાત્રાનો પ્રારંભ શ્રી બાલક હનુમાન મંદિર પાસે, વિધાનસભા-

૬૮ના લોકપ્રિય ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના જનસેવા કાર્યાલય ખાતેથી વિશાળ સંખ્યામાં કાર્યકૃતાઓની ઉપસ્થિતિમાં ભવ્ય પ્રારંભ કરવામાં આવેલ હતો. આ તકે વંદે માતરમ અને ભારત માતા કી જય, અબ કી બાર ૪૦૦ કે પાર ના નારાથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. અને લોક્સંપર્ક દરમ્યાન પરશોતમભાઈ રૂપાલા સહિત ભાજપ અગ્રણીઓને ફુલડે-ફુલડે વધાવી શહેરીજનો ધ્વારા અભૂતપૂર્વ અભિવાદન કરવામાં આવ્યું હતું અને કમળ તરફી મતદાન કરી પરશોતમભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડવાનો કોલ આપવામાં આવ્યો હતો. આ તકે પરખોતમભાઈ રૂપાલા, ઉદયભાઈ કાનગડ, મુકેશભાઈ દોશી, મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, રમેશભાઈ ટીલાળા, ડો.દર્શીતાબેન શાહ, નયનાબેન પેઢડીયા, અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, કમલેશ મિરાણી, સહિતનાઓએ રાજકોટ લોક્સભા બેઠકના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જંગી લીડથી વિજયી બનાવવા અનુરોધ કરતા જણાવેલ કે કેન્દ્રની ભાજપ સરકાર ધ્વારા છેલ્લા દશ વર્ષમાં ગરીબોનું કલ્યાણ, દેશનું કલ્યાણના સંકલ્પને સાકાર કરતી અનેકવિધ યોજનાઓ અમલમાં મુક્વામાં આવી છે.

આ પદયાત્રા-લોક્સંપર્ક દરમિયાન શહેર ભાજપના હોદેદારો, તમામ વોર્ડના પ્રભારી-પ્રમુખ-મહામંત્રીઓ, કોર્પોરેટરો, મોરચાના પ્રમુખ, મહામંત્રીઓ, સેલના સંયોજકો, બુથપ્રમુખ, શક્તિકેન્દ્ર પ્રભારી-સંયોજકો, વિવિધ સમાજ-સંસ્થાના શ્રેષ્ઠીઓ, સહિત પાર્ટીના તમામ શ્રેણીના કાર્યકૃતાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

ફેડબેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ.હરાજી નોટિસ

આથી, જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ફેડબેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ.એ મુદત વીતી અથવા કસૂર કરેલ અથવા માર્જિન ભંગ કરનારા સંબંધિત ગ્રાહકોના ખાતાઓના (નીચે આપેલ વિગત) સોનાનાં ઘરેણાંની હરાજી કરવાનું નક્કી કર્યું છે. હરાજી નીચે આપેલ સંબંધિત શાખાઓમા **બુધવાર, તા.૦૮-૦૫-૨૦૨૪**ના રોજ સવારે **૧૦.૦૦**થી બપોરે **૧૨.૦૦**ની વચ્ચે રાખવામાં આવશે જે હરાજીની પ્રક્રિયા પતે ત્યાં સુધી ચાલુ રહેશે.

અમરેલી 9724538424 FEDGL05080000728, 0000732, 0000741, 0000748, 0000757 **અમરોલી** 0261-2495005 FEDGL01390004604, 0004605, 0004948, FEDDS01390000009 **આણંદ** 9825333253 FEDGL04510001353, 0001369, 0001380, 0001387 **અંજાર** 9316375855 FEDGL03480007127, 0007134, 0007150, 0007157, 0007169, 0008376, 0009502, 0010648 **બાલાચિનોર** 9081030838 FEDGL03590003596, 0003601, 0003620, 0003627, 0003630 **ભાવલા** 02714-230483 FEDGL01300004944, 0004957, 0004967, 0004970 **ભગવતી માનસ** 02763- 273200 FEDGL03400003634, 0003651, 0003653, 0003654, 0003657, 0003668 **ભાવનગર વાઘાવાડી રોડ** 02782560905/9033620379 FEDGL03890003780, 0003789, 0003796, 0003819, 0005100 **ભૂજ** 9725015327 FEDGL04780002071, 0002075, 0002088, 0002112, 0003694, 0003719 **લોધાટ** 02849-252414 FEDGL01530006718, 0007381 **ડીસા** 9724470299 FEDGL03410003121, 0003127, 0003139, 0003637, 0004573 **દિયોદર** 9638294929 FEDGL03420002515, 0003049 **હોલકા** 02714-225885 FEDGL04250002453, 0002462, 0002463, 0002476, 0002483, 0002488 **ગાંધીનગર સેક્ટર-૧૬** 079-23223380 FEDGL01540004239, 0004247, 0004273, 0004282, 0004289, 0004293, 0004296, 0004300 **ગાંધીધામ બેંકિંગ સર્કલ** 9601502653 FEDGL03550005309, 0005314, 0005324, 0005332, 0005364, 0005372, 0005387, 0006328, 0006329, 0006363, 0006388, 0008179 **ધાદલોડિયા** 079-27603199 FEDGL01350002554, 0002584, 0002588, FEDDS01350000249, 0000318 **હરીજ** 8141532456 FEDGL05140000382 **હિંમતનગર** 02772-242527 FEDGL03580003446, 0004038 **હીરાબાગ** 7448629994 FEDGL01110004128, 0004754, 0005682 **જૂનાગઢ** 0258-2674933 / 8200543754 FEDGL03690002836, 0003326 **કલોલ** 02764-225501 FEDGL01380005134, 0005136, 0005149, 0005153, 0005699, 0006173 **કામરેજ** 02621-251005 FEDGL01450006162 **કતારગામ** 0261-2530892 FEDBD01160000055 **ખોડિયાર કોલોની જામનગર** 9574460964 FEDGL04560002972, 0003363 **કોડીનાર** 9924730944 FEDGL04920002301, 0002302, 0002303, 0002304, 0002310, 0002320, 0002345, 0002347, 0002995, 0003020 **કોઠારીયા રોડ** 9537733772 FEDGL00790005402 **કુબેર નગર** 079-22801120 FEDGL01410005067, 0005080, 0005090 **લાલ બંગલો** 9712341187 FEDGL04790001826, 0001832 **લીમડી** 02753-261200/ 270010 FEDGL03340007168, 0004790, 0004795, 0004808, 0004819, 0004821, 0004828, 0004832, 0007128, 0007664, 0007759 **માંડવી** 9913875838 FEDGL03490003729, 0003730, 0003734, 0003740, 0003765, 0003772, 0003784, 0003785, 0003789 **મણિનગર** 079-25463356 FEDDS00680000027, FEDBD00680000089 **મવડી મેઈન રોડ** 9537733771 FEDGL01480005458, 0006175, 0007362 **મેમકો** 079-22201310 FEDGL00760003901 **મોડાસા** 02774-244244 FEDGL03670002720, 0002744, 0002747, 0002763 **મોરબી** 0282-2222622 FEDGL03320006815, 0006842, 0006845, 0006857, 0008570 **મોટી ઢાંસી** 9979965591 FEDGL01100004175, 0005677 **મુંદ્રા** 8980333303 FEDGL04500001649, 0001652, 0001659, 0002001 **નળખાણા** 9978384182 FEDGL05070000870, 0000891, 0000892, 0000893, 0000901, 0000910 **નિકોલ** 9426564055 FEDGL05150001198, 0000727 **પાલનપુર** 9601469914 FEDGL04760003400 **પર્વત પાટીયા** 9586036200 FEDGL04530001222, 0001233, 0001237, 0001533 **પાટણ** 9426876308 FEDGL04240001195, 0001448, 0001480 **પીપલોદ** 0261-2255005 FEDGL00690003930 **પોરબંદર** 2862240400 FEDGL03600005518, 0005544, 0005547, 0005550, 0005551, 0005555, 0005570, 0005571, 0005584, 0005590, 0005591, 0005594 **રેંચા રોડ** 9601480679 FEDDS04890000130, 0000134, 0000174 **સંધુ વાસવાની રોડ** 9909659594 FEDGL00780005445, 0005446, 0005494, 0007515 **સાણંદ** 9601480679 FEDGL04910002020, 0002486 **સરથાણા** 9384000906 FEDGL01050004423 **શિહોર** 02795- 223775 FEDGL04220001726, 0001739 **સુરેન્દ્રનગર વઢવાણ** 02752- 221333 FEDGL03310008161, 0008172, 0008173, 0008174, 0008208, 0008215, 0008220, 0008230, 0008286, 0008296, 0008300, FEDDS03310000304 **ઉધના** 0261-2277005 FEDGL01490006539, 0006548, 0006561 **વલસાડ** 9687406174 FEDGL04540004938, 0003027, 0003037, 0003530 **વાપી** 0260-2427277 FEDGL04230003185, 0003955, 0005144 **વરાછા** 0261-2541005 FEDGL01460003138, 0003148, 0003151 **વસ્ત્રાલ** 079-22892662 FEDGL01280003343, 0003355, 0003358 **વેરાવળ** 2876222662 FEDGL03660004739, 0004759, 0004760, 0004801, 0005615, 0007117

સ્થળ કે તારીખમાં ફેરફાર હશે તો અમારી વેબસાઈટ **www.fedfina.com** પર દર્શાવવામાં આવશે. ભાગ લેનાર તમામ બીડરોને બીડના સ્વીકાર અથવા નકાર બાબતે તેમણે બીડ જમા કર્યા બાદ જાણ કરવામાં આવશે. જે ગ્રાહક પોતાના દાગીના છોડાવવા માંગતા હોય તે જે શાખામાં દાગીના પ્લેજ કર્યા હોય તે શાખાનો **૦૭-૦૫-૨૦૨૪** પહેલાં અથવા/ત્યાં સુધીમાં ઉપર આપેલ નંબર પર સંપર્ક કરી શકે છે જે લાગુ પડતા નિયમો અને શરતોને આધીન રહેશે.
હરાજી સંબંધિત શાખાઓમાં થશે, જો હરાજી આપેલ તારીખે કોઈપણ કારણસર થાય નહીં/પૂરી ન થાય તો એ સંબંધિત હરાજી અમારી વેબસાઈટ પર વિગતો દર્શાવ્યા બાદ, પછીના કામકાજી દિવસે યોજવામાં આવશે. આ સંબંધે વધુ કોઈ વાતચીત થઈ શકશે નહીં.

તારીખ : ૨૭-૦૪-૨૦૨૪
સ્થળ : ગુજરાત

વતી, સહી/-અધિકૃત હસ્તાક્ષર
ફેડ બેંક ફાઈનાન્શિયલ સર્વિસિઝ લિ.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

સદીઓ જૂની જૈન હસ્તપ્રતો

ભારતનો જ્ઞાન વારસો વિદેશમાં સચવાયેલો છે આપણા સદીઓ જુના હસ્તલિખિત ગ્રંથો જર્મની બ્રિટન જેવા દેશોની અંદર સચવાયેલા છે તેને સ્વદેશ લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે આમાં એક મહત્વની વસ્તુ એ છે કે ૨૦૦૦ કરતા વધારે દુર્લભ જૈન ધર્મની હસ્તપ્રતોને પરત મેળવવા માટે ૨૦ વર્ષથી પ્રયાસો થઈ રહ્યા હતા તેને સફળતા મળી છે અને તેનો યસ ઇન્સ્ટિટ્યૂટ ઓફ જઈનોલોજીને ફાળે જાય છે. અતિ દુર્લભ ગણાય તેવી જૈન ધર્મની હસ્તપ્રતો બ્રિટનના વેલકમ ટ્રસ્ટ ફાઉન્ડેશન દ્વારા હાલ સાચવવામાં આવી રહી છે તેને પરત લાવવામાં આવશે.

વાઇબ્રન્ટ ગુજરાત માત્ર વેપાર ઉદ્યોગ માટે જ નહીં પરંતુ ઉદારતા અને માનવતા માટે પણ જાણીતું છે. અહિંસા, માનવતાનું સૌથી મોટું સ્વરૂપ સૌ પ્રથમ જૈન તીર્થંકર દ્વારા અમલમાં લાવવામાં આવ્યું હતું. તેમના અનુયાયીઓની સૌથી વધુ સંખ્યા ગુજરાતમાં જોવા મળે છે. અહિંસાને જીવનશૈલી બનાવનારા લોકોમાં સૌથી મોટું નામ મહાત્મા ગાંધીનું છે. દલાઈ લામાએ પણ આ વાત સ્વીકારી છે. ગુજરાત દેશના મુખ્ય રાજ્યોમાંનું એક છે ગુજરાતમાં પાલીતાણા જૈન ધર્મનું સૌથી મોટું તીર્થ છે આ સિદ્ધ ક્ષેત્ર છે આ સિદ્ધ ક્ષેત્રની નજીક સોનગઢમાં પણ જૈન ધર્મના ખૂબ મોટા પ્રમાણમાં ધાર્મિક કાર્યો થઈ રહ્યા છે આ ઉપરાંત અયોધ્યાપુરમ પણ ભાવનગરની ધાર્મિક ભાવનામાં વધારો કરે છે ભાવનગરના ધાર્મિક દેરાસરોમાં સતત કોઈને કોઈ જૈન ધર્મને લગતા સરસ મજાના કાર્યો થઈ રહ્યા છે દાદા સાહેબ જેવા દેરાસર મોટા દેરાસર સહિતના તીર્થોમાં લોકો ધર્મ પ્રત્યે વધુ વળી રહ્યા છે. જૈન ધર્મના કારણે શાકાહાર તરફ વળનારા લોકોની સંખ્યા વધુ છે અને આમાં સૌથી મોટો ફાળો જૈન સમુદાયનો રહ્યો છે. તેઓ લોકોને આ દિશામાં આકર્ષી કરી રહ્યા છે. તેમાં બીજી કડી ઉમેરવાનું કામ અમદાવાદના વતની ડો.જસવંત મોદી અને ઇન્સ્ટિટ્યુટ ઓફ જૈનોલોજી દ્વારા કરવામાં આવ્યું છે. ડો.મોદી અને તેમની ટીમે લંડન મ્યુઝિયમમાં રખાયેલી ૧૦૦ વર્ષ જૂની ૨૦૦૦થી વધુ અત્યંત દુર્લભ હસ્તપ્રતોના અધિકારો મેળવ્યા છે. લંડનના વેલકમ ટ્રસ્ટ ફાઉન્ડેશને ભારતના વિવિધ સ્થળોથી આ સ્ક્રિપ્ટો સાચવી રાખી હતી. તેને મેળવવાની પ્રક્રિયા છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહી હતી. આ હસ્તપ્રતો (હેન્ડસ્ક્રિપ્ટ) રાખવા માટે વ્યવસ્થા કર્યા બાદ તેને ભારતમાં લાવી શકાશે. હાલમાં, ઘણા દેશોના વિદ્વાનો આ સ્ક્રિપ્ટ પર સંશોધન કરી રહ્યા છે.

મહારાજા શ્રીભાવસિંહજી-૨જા(ઇ.સ.૧૮૯૬-૧૯૧૯)

મહારાજા તખ્તસિંહજીને ભાવસિંહજી ભગવતસિંહજી અને મંગળસિંહજી એમ ત્રણ રાજકુંવરો હતા

ભાવસિંહજીને તા. ૧૦-૦૨-૧૮૯૬ના રોજ રાજયાભિષેક કરી રાજયની સંપૂર્ણ સત્તા સોંપવામાં આવી હતી

જામનગરના રણજીતસિંહજી, કોટડા સાંગાણીના મૂળવાજી તેમની સાથે અભ્યાસ કરતાં હતા

ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

પ્રજાવત્સલ રાજવી તખ્તસિંહજીએ ઇ.સ. ૧૮૯૬માં માત્ર ૪૮વર્ષની ઉંમરે અચાનક હૃદય બંધ પડીજવાથી અનંતનીવાટ પકડી. મહારાજા તખ્તસિંહજીને ભાવસિંહજી, ભગવતસિંહજી અને મંગળસિંહજી એમ ત્રણ રાજકુંવરો હતા. ભાવસિંહજીનો જન્મ તા. ૨૫-૦૪-૧૮૭૫ સંવત ૧૯૩૧ ચૈત્ર વદ ૫, ને રવિવારે થયો હતો. તેમનું મોસાળ ગોંડલ હતું. ભગવતસિંહજીનો જન્મ ઓક્ટોબર ૧૮૭૮માં અને મંગળસિંહજીનો જન્મ ૩ જૂન ૧૮૮૧ના રોજ થયો હતો. મહારાજા તખ્તસિંહજીના અવસાન સમયે ભાવનગર રાજયનો વહીવટ કાઉન્સિલ પદ્ધતિથી ચાલતો હતો. યુવરાજ ભાવસિંહજીની ઉંમર ૨૧વર્ષની હતી. તેથી ત્યારની પ્રણાલી મુજબ તે પુખ્ત વયના હતા. તેમનો તા. ૧૦-૦૨-૧૮૯૬ના રોજ રાજયાભિષેક કરી રાજયની સંપૂર્ણ સત્તા સોંપવામાં આવી હતી. ઓગણીસમી સદીના અંતિમ વર્ષોમાં ભાવસિંહજી ગાદીએ આવ્યા. તેમના ભાઈ મંગળસિંહજીને મઢડા, કરદેજ અને ઢૂંઢસર ગામ ગરાસમાં અપાયા હતા.

તખ્તસિંહજીએ લોકકલ્યાણના અનેક કામો કર્યા હોવાથી તેમના અવસાન સમયે રાજય તિજોરીમાં ફક્ત એકતાલીશ રૂપિયા, મોતીની એક માળા હતી. તથા રાજય ઉપર લાખો રુપિયાનું કરજ હતું. આ રીતે ભાવસિંહજીને વારસામાં રાજયની તિજોરી ખાલી મળી હતી. તેથી તેમની સામે રાજયની આર્થિક સ્થિતિ મજબૂત કરવાની મુખ્ય જવાબદારી હતી. (૧૯૪૮માં ભાવનગર રાજય સૌરાષ્ટ્ર રાજયમાં ભળ્યું ત્યારે અઢાર કરોડ રૂપિયા રોકડા ઉપરાંત જુદાજુદા બીજા ફંડો તથા બીજી ઇસ્ક્યામતો સોપેલી.) તેમના ત્રેવીશ વર્ષના શાસનકાળ દરમિયાન તેમના સમયમાં રાજયની સામાજિક અને આર્થિક પરિસ્થિતિને ખુબજ અસર કરે તેવા મહત્વના પ્રસંગો-ઘટનાઓ બની હતી જેમકે (૧) સં.૧૯૫૬-ઇ.સ.૧૯૦૦ના વર્ષે દુષ્કાળ પડ્યો. જે ઇતિહાસના પાને છપ્પનિયા દુષ્કાળ તરીકે ઓળખાય છે. (૨) ઇ.સ.૧૯૦૩ના વર્ષે પ્લેગનો રોગચાળો અને (૩) ઇ.સ.૧૯૧૪ થી ૧૯૧૮ના વર્ષો દરમિયાનનું પ્રથમ જગતયુદ્ધ. આવા અનેક પડકારોની સામે પોતાના ૨૩વર્ષના શાસન દરમિયાન પોતે કુનેહપૂર્વક રાજય વહીવટ કરીને નામના મેળવી હતી.

ભાવસિંહજીના માતુશ્રી માજીરાજબા ગોંડલના રાજકુંવરી હતા. ભાવસિંહજીના જન્મ પછી તરત માતાનું અવસાન થયું હતું. તેથી તેમના ઉછેરની જવાબદારી તેમની નાનીમાં મોંઘીબાએ સ્વીકારી હતી. જેથી ભાવસિંહજીનો ઉછેર ભાવનગરના બદલે ગોંડલમાં થયો હતો. ભણવાની ઉંમર થતાં તેમને રાજકોટની રાજકુમાર કોલેજમાં પ્રવેશ અપાયો હતો. તેમના કંમ્પેનિયન ટ્યૂટર તરીકે પ્રભાશંકર નોકરીએ રહેલા. પ્રભાશંકરને એ નોકરીએ રાખવાની ભલામણ તે વખતના રાજકુમાર કોલેજના પ્રિન્સિપાલ ચેસ્ટર મોકનોટને કરી હતી. એ પ્રભાશંકરને રાજકોટની કાઠીયાવાડ હાઇસ્કૂલમાં ભણતા તયારથી ઓળખાતા હતા. ભાવસિંહજી સાથે જામનગરના પ્રિન્સ રણજીતસિંહજી (૧૮૭૨-૧૯૩૬) અને કોટડા સાંગાણીના યુવરાજ મૂળવાજી અભ્યાસ કરતાં હતા. ત્રણેક વર્ષ રાજકોટમાં કેળવણી મેળવ્યા પછી તેમણે ધારવાડમાં કોલ્હાપુરના રાજવી સાથે સ્ટુઅર્ટ ફ્રેઝરની ટ્યુટરશીપ અને ગાર્ડિયનશીપ (વાલીપણા) હેઠળ ઓફિસરશ્રી કર્નલ મેરી વેધરની દેખરેખ નીચે અભ્યાસ કર્યો હતો. મેરી વેધર બે વર્ષ પછી જતાં રહ્યા તેથી મહારાજા તખ્તસિંહજીએ યુવરાજ ભાવસિંહજીને રાજય ચલાવવાનો અનુભવ મળી રહે તે હેતુથી રાજયની વહીવટી કાઉન્સિલના કાઉન્સિલરો સાથે સામેલ કરી દીધા. તે સમયે લશ્કરી વિભાગના કાઉન્સિલર તરીકે કર્નલ હેરિસ નિમાયા હતા. એટલે ત્યારથી યુવરાજને મોટે ભાગે તેમની સાથે રાખવામાં આવતા. આમ ૨૧વર્ષની ઉંમર થઈ ત્યા સુધીમાં લગભગ બધા ખાતાની માહિતી અને અનુભવ તેમને મળી ગયો હતો. આમ ગાદીએ આવતા પૂર્વે આ રીતે મળેલો વહીવટી અનુભવ તેમને રાજ્ય સંભાળ્યા પછી ખુબ જ ઉપયોગી બન્યો, જે તેમની સફળ રાજકર્તા તરીકેની કારકિર્દી ઘડતરમાં અત્યંત ઉપયોગી સાબીત થયું.

ભાવસિંહજી બીજાની રાજવી તરીકેની સિદ્ધિઓ. જોઈએતો ભાવસિંહજી બીજા ગાદીનશી થતાં સાથેજ દરેક ક્ષેત્રે સુધારા કરી ભાવનગર રાજયને આધુનિક બનાવવાની ક્રિયાને જડપી બનાવી. રાજયની આર્થિક પ્રગતિને દુષ્કાળ, પ્લેગ, પહેલું જગતયુદ્ધ આવા બનાવો રાજયની પ્રગતિ માટે અવરોધક બન્યા, છતાં તેનો પ્લાનિગ અને ધીરજ પૂર્વક સામનો કરવા માટે રચનાત્મક અનેક પગલાં લઈ લોકોની આર્થિક તેમજ સામાજિક પ્રગતિ, વિકાસ, માનસિક સંતુલન તથા પરીવર્તન માટે રાજવીએ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે જુદા જુદા ક્ષેત્રે કરેલા કાર્યો અને લીધેલા પગલાથી રાજયની પ્રગતિ જાણી શકાય.

મહારાજા ભાવસિંહજી ચતુર રાજવી હતા. રાજયને પ્રગતિના માર્ગે લઈ જવા માટે રાજકીય બાબતોમાં પ્રથમ ધ્યાન આપવું જોઈએ તે પોતે જાણતા હતા. તેથી તેમણે સૌથી પ્રથમ વહીવટીતંત્રમાં પરીવર્તન કર્યું.: તે ગાદી સંભાળ્યા પહેલા વહીવટી કાઉન્સિલમાં સામેલ થયા હતા તેથી તેમને વહીવટમાં ક્યાં સુધારા કરવાની જરૂર છે તે ખ્યાલમાં આવ્યું હતું. તેથી તેમણે શરૂઆતમા જ વહીવટીતંત્રમાં સુધારા કરવાની પ્રક્રિયા હાથધરી. ઇ.સ. ૧૯૦૦ (સં.૧૯૫૬)માં અતિભયંકર દુષ્કાળ પડ્યો જેથી તેમની સુધારાની પ્રક્રિયાને થંભાવી દેવી પડી. અત્યાર સુધી ભાવનગર રાજયમાં કાઉન્સિલ પદ્ધતીથી વહીવટી માળખું ગોઠવાયેલું હતું. પરંતુ સદીની શરૂઆતમાં જ દુષ્કાળની ખરાબ અસરને લીધે કરકસરનાં ભાગરૂપે તેમની ઇચ્છા ન હોવા છતાં કાઉન્સિલ પદ્ધતિની જગ્યાએ પાછી દિવાની પદ્ધતિ દાખલ કરવી પડી. તે સમયના વાઇસરોય લોર્ડ કર્ઝન અને સૌરાષ્ટ્રના પોલિટિકલ એજન્ટ કર્નલ હંટર તેમના આ પગલાં સાથે સંમત હતા. આમ વહીવટી તંત્રમાં ફેરફાર કરી તખ્તસિંહજીના સમયના પ્રખ્યાત દીવાન ગૌરીશંકર ઓઝાના મોટા પુત્ર વિજયશંકરને (ઠરાવ નંબર ૭ તા. ૧૬-૦૧-૧૯૦૦ થી) કામચલાવ મુખ્ય દીવાનપદે નીમવામાં આવ્યા અને તેમની પાસેથી રૂ.૩૦ લાખની લોન રેલ્વેની આવકમાંથી ભરપાઈ કરી દેવાની શરતે લેવામાં આવી હતી. નાયબ દીવાન તરીકે રાજકોટના મુખ્ય વકીલ અને પોલિટિકલ ખાતાના સારા અભ્યાસી અને અનુભવી શ્રી હરિલાલ સવાઇલાલને નીમવામાં આવ્યા. દીવાનના ન્યાયકીય મદદનીશ તરીકે તે સમયના સર ન્યાયાધીશ ઘેલાભાઈ જગજીવંરામને નીમવામાં આવ્યા. મહારાજા ભાવસિંહજીના હજુર સેક્રેટરી રતિલાલ છોટાલાલે નિવૃત્તિ લીધા પછી શ્રી પ્રભાશંકર પટ્ટણી જે પ્રાઈવેટ સેક્રેટરી હતા તેમને હજુર સેક્રેટરી તરીકે નીમવામાં આવ્યા.

રાજયના દરેક ખાતાનોનું ખર્ચ બની શકે તેટલું ઓછું કરવા માટે ત્રણ અધિકારીઓની એક સમિતિ નીમવામાં આવી હતી. તે સમિતિના અધ્યક્ષ તરીકે ઇંગ્લેન્ડથી ખાસ બોલાવવામાં આવેલા ભાવનગર રાજયના જૂના વહીવટદાર અને શુભેચ્છક એવા મિ.પર્સિવલને નીમવામાં આવ્યા હતાં તેમને ઘણો આગ્રહ કરવામાં આવ્યો હોવા છતાં તેમણે કાંઇપણ પગાર લીધાવીના આ કાર્યમાં મદદરૂપ થવાનું સ્વીકાર્યું હતું. મિ.પ્રોક્ટર સિમ્સ અને શ્રી પ્રભાશંકર પટ્ટણી તે સમિતિના બીજા બે સભ્યો હતાં. આ સમિતિની તપાસના પરિણામે રાજયનું બિનજરૂરી ખર્ચ ઓછું થઈ શક્યું હતું. આમ ૨૦મી સદીના પ્રારંભે ભાવનગર રાજયના વહીવટીતંત્રે આધુનિક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આંકડાકીય માહિતી વૈજ્ઞાનિક ઢબે એકત્રિત કરવાની તથા સર્વેક્ષણ કાર્ય કરવાની શરૂઆત થઈ ગઈ હતી. શિક્ષણ, આરોગ્ય, જાહેર બાંધકામ જેવા પ્રજાકલ્યાણલક્ષી વિભાગો સારી રીતે કામ કરતાં હતાં અને તેના કર્મચારીઓ પણ કાર્યદક્ષ હતાં. દીવાનની મદદમાં નાયબ દીવાન અને ન્યાયકીય મદદનીશ નીમવામાં આવ્યા હતાં. કારોબારી તથા ન્યાયતંત્રને જુદા રાખવાની પધ્ધતિ આ સમયમાં પણ ભાવનગર રાજયે ચાલુ રાખી હતી. ન્યાયતંત્રની ટોચે હજુર કોર્ટ હતી અને તેના વડા રાજવી પોતે હતાં. મોટાં શહેરોની સ્થાનિક સ્વશાસનની વ્યવસ્થા માટે સરકારી અને બિનસરકારી સભ્યોની દેખરેખ હેઠળ ચાલતી સુધારાઈઓ પણ હતી. મુંબઈ પ્રાંતનું અનુકરણ કરીને ભાવનગર રાજયે પણ વીસમી સદીના પ્રારંભથી રાજયનો વાર્ષિક એડમિનીસ્ટ્રેશન રિપોર્ટ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું હતું.

કેવું જશે આપનું આવતું અઠવાડિયું

મેષ - (અ, લ, ઈ) :- આ અઠવાડિયે, તમારી અતિશય આહાર અને વારંવાર ખાવાની ટેવ તમને થોડી સમસ્યાઓ આપી શકે છે. તેથી, તમારા માટે આ આદતને વહેલી તકે સુધારવી અને તેને યોગ્ય રીતે લાવવી વધુ સારું રહેશે. ઉપરાંત, સ્વસ્થ રહેવા માટે, તમે નિયમિત કસરત પણ કરી શકો છો. જો તમે સટ્ટાબાજી અથવા શેર બજારમાં તમારા નાણાંનું રોકાણ કર્યું હોત, તો આ અઠવાડિયામાં તમને ખૂબ મોટી ખોટ થવાની સંભાવના છે. ઉપરાંત, એવી શક્યતા છે કે તે પૈસા પાછા મેળવવા માટે તમે તમારા વધુ પૈસા ખોટા કામમાં લગાવી શકો. તેથી, શક્ય તેટલું સટ્ટો લગાવવા જેવી ખોટી આદતોથી પોતાને દૂર રાખવા માટે, આ અઠવાડિયું તમારા માટે વધુ સારું રહેશે. આ અઠવાડિયે, પરિવારના સભ્યો સાથે બહાર જમવા અથવા મૂવી જોવાથી તમને આરામ મળશે અને તમને ખુશ રાખશે. ઉપરાંત, આ અઠવાડિયું તમને જોઈતા લોકો સાથે ભેટો વહેવારવા માટે વિશેષ સારું બનશે. આ અઠવાડિયા દરમ્યાન તમારી લવ લાઇફ ખૂબ સારી રહેશે, જેના કારણે તમે સમય સમય પર તમારા પ્યારુંને સારી ભેટ આપશો. તમારા દ્વારા કરવામાં આવેલા આ પ્રયત્નો તમારા પ્રેમી પર અસર કરશે અને તેમનું વલણ તમારા તરફ આગળ વધશે.

વૃષભ - (બ, વ, ઉ)આ અઠવાડિયે, તમારે દરરોજ વર્કઆઉટ, યોગ અથવા કસરતથી પ્રારંભ કરવો પડશે. આ સમય દરમિયાન, જો તમે તમારા પરિવારના સભ્યોને પણ પ્રોત્સાહિત કરો છો, તો પછી તમે તમારી જાતને અને તેમને સ્વસ્થ રહેવામાં સફળ થઈ શકો છો. કારણ કે સવાર એ સમય છે જ્યારે તમે પોતાને વિશે સારું લાગવાનું શરૂ કરીને, દિવસભર પોતાને સકારાત્મક રાખી શકો. તેથી તેને તમારી રૂટિનમાં શામેલ કરો અને નિયમિતપણે કરવાનો પ્રયાસ કરતા રહો. અઠવાડિયું તમારા માટે ખૂબ ફાયદાકારક નથી, તેથી તમારા ખિસ્સા પર નજર રાખો અને અતિશય ખર્ચ કરવાનું ટાળો. નહિંતર, નાણાકીય સંકટને લીધે, તમારે પરિવારના અન્ય સભ્યોમાં શરમ અનુભવી શકે છે. આ અઠવાડિયે, તમારા માતાપિતા અથવા તમારા અંગત જીવનમાં ભાઇ-બહેનો દ્વારા વધુ પડતી દખલ તમને તાણ આપી શકે છે. આ સમય દરમ્યાન તમારું વલણ તેમના પ્રત્યે ખૂબ ખરાબ રહેશે, જેના કારણે ઘરે તમારું સન્માન પણ ઘટશે. આ સમય લવ લાઇફનો સમય એકબીજા પરના તમારા વિશ્વાસને મજબૂત કરવા માટે આવશે. કારણ કે આ સમય દરમ્યાન તમારા જીવનસાથીને તમારી સામે પોતાનું મન બોલવામાં કોઈ તકલીફ થશે નહીં, જે તમને તેમના જીવન સાથે જોડાયેલા ઘણા રહસ્યો જાણવાની તક આપી શકે છે.

મિથુન - (ક, છ, ઘ) :- તમને ખ્યાલ આવશે કે જો તમારું સ્વાસ્થ્ય સારું છે, તો તમે જીવનના દરેક પાસાઓનો આનંદ લઈ શકો છો. આ સમયગાળા દરમિયાન, આ રાશિના મોટાભાગના લોકો, આ મુદ્દાને અનુસરે છે, તેમની ખરાબ ટેવો સુધારવા માટે પ્રયત્ન કરશે. આગામી સપ્તાહ રોકાણની દ્રષ્ટિએ ખૂબ સારો રહેશે. કારણ કે આ સમય દરમ્યાન તમે કરો છો તે દરેક રોકાણો તમને પછીથી પૂરતો નફો આપે તેવી સંભાવના છે. આ બનશે કારણ કે આ સમયે, તમારી સંપત્તિ અને નાણાંના માસ્ટર સકારાત્મક સ્થિતિમાં હશે. આ અઠવાડિયે, તમારા રમુજી સ્વભાવને લીધે, તમે તમારા ઘર-પરિવારના વાતાવરણને સામાન્ય કરતા વધુ ખુશ બનાવશો. ઉપરાંત, આ સમયે એક અદ્ભુત સાંજ માટે, તમારા કેટલાક સંબંધીઓ અથવા મિત્રો પણ તમારા ઘરે આવી શકે છે. આ અઠવાડિયે, જાહેર સ્થળોએ કોઈની છેડતી કરવાનું ટાળો, નહીં તો તમે ઝઘડો કરી શકો છો. પરિણામે, તમારી છબી ફક્ત ખરાબ જ નહીં, પણ તમે તમારી જાતને એક મોટા કાનૂની વિવાદમાં ફસાઈ જશો. તમારી રાશિના નિશાનીમાં મહત્તમ ગ્રહોની સ્થિતિ સૂચવે છે કે તમારામાંથી કેટલાકને આ સમયગાળામાં તમારી નોકરીમાં સ્થાનાંતરણ અથવા સારા ફેરફારની સંભાવના છે. જો કે, શરૂઆતથી, તમારે તમારા ઉપરી અધિકારીઓ સાથેનો સંબંધ સુધારવો પડશે.

કર્ક - (ડ, હ) :- તમારે આ અઠવાડિયામાં ખાસ કરીને આલ્કોહોલ અથવા અન્ય દવાઓનું સેવન કરવાનું ટાળવું જોઈએ. કારણ કે યોગ બની રહ્યા છે કે તેનાથી ફક્ત તમારા સ્વાસ્થ્યને જ નુકસાન થશે નહીં, પરંતુ તમારો તાણ પણ વધશે. આ અઠવાડિયે તમારે એવા મિત્રો અથવા સંબંધીઓથી દૂર રહેવાની જરૂર છે કે જે તમારો લાભ ઉઠાવતા, તમારો પૈસા બધા સમય ખર્ચ કરવાનો પ્રયાસ કરે. વળી, આ રાશિનો ધંધો કરનારા લોકોને પણ અઠવાડિયાના શરૂઆતના દિવસોમાં કોઈ પણ પ્રકારનું રોકાણ કરવાનું ટાળવું પડશે. એકંદરે, પૈસાના મામલા માટે સમય સારો છે, પરંતુ તમારી જાતને જાગૃત રાખતી વખતે તમારે થોડી વધુ કાળજી લેવાની જરૂર રહેશે. સંભવ છે કે ફોન અથવા સોશિયલ મીડિયા દ્વારા તમને કોઈ દૂરના સંબંધી તરફથી કોઈ દુખદ સમાચાર મળશે. આને લીધે તમારા માતાપિતા તેમજ તમને થોડી ગભરામણનો અનુભવ થઈ શકે છે. આવી સ્થિતિમાં, શરૂઆતથી જ દરેક પરિસ્થિતિ માટે તમારી જાતને તૈયાર કરો.

સિંહ - (મ, ટ) :- આ અઠવાડિયે, તમારા સ્વાસ્થ્ય પર વધારે પડતું નિર્ભર ન થાઓ અને તમારા સ્વાસ્થ્યને સુધારવાનો પ્રયાસ કરો. કારણ કે તમે પણ આ વાતને ખૂબ સારી રીતે સમજો છો કે નસીબ પોતે ખૂબ જ આળસુ છે. તેથી, સારા સ્વાસ્થ્ય તરફ પણ તમારા પ્રયત્નો રાખો. આ અઠવાડિયે તમને નવી નવી તકો અને રોકાણની ઘણી તકો મળશે. પરંતુ તમારે ધ્યાનમાં રાખવું પડશે કે પ્રત્યેક રોકાણો તમારી તરફ આવે છે, બેસો, તેમને વિગતવાર ધ્યાનમાં લો અને તે પછી જ તમે તે યોજનાઓનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી જ તમારા નાણાંનું રોકાણ કરો. આની મદદથી, તમે તમારી જાતને વિવિધ જોખમોથી સુરક્ષિત કરી શકશો. આ અઠવાડિયે શક્ય છે કે તમે પારિવારિક જીવનમાં સામાન્ય ફળ મેળવશો. કારણ કે આ સમયે પરિવારના નાના સભ્યો માટે, તમે ઘરે જતા સમયે ભાટ અથવા ખાવા માટે જઈ શકો છો. જેના દ્વારા તેઓ ખુશ થશે, સાથે સાથે પરિવારના અન્ય સભ્યો પણ આ કારણથી ખુશ જણાશે. મનમાં કામના દબાણ હોવા છતાં, આ અઠવાડિયે તમારી પ્રેમિકા તમને આનંદની ક્ષણો લાવશે. જેથી તે તમારી સાથે બહાર જવાની ઇચ્છા પણ વ્યક્ત કરી શકે.

કન્યા - (પ, ઠ, ણ) :- આ અઠવાડિયામાં બધી સગર્ભા સ્ત્રીઓએ દૈનિક પ્રવૃત્તિઓ કરતી વખતે સાવધ રહેવાની જરૂર રહેશે. કારણ કે શક્ય છે કે જો તમે તમારી બેદરકારી તમને મુશ્કેલી આપવા માંગતા ન હો, તો જેના કારણે તમારો માનસિક તાણ પણ વધે છે, તમારે બે-ચાર રહેવું જોઈએ. આ અઠવાડિયે કોઈ નજીકના સંબંધીઓના ઘરે જવું તમારી આર્થિક સ્થિતિને બગાડે છે. કારણ કે શક્ય છે કે તેઓ તમારી પાસેથી કોઈ પ્રકારની આર્થિક સહાયની અપેક્ષા રાખે. આ અઠવાડિયે એવી આશંકા છે કે ભૂતકાળમાં પરિવાર સાથે કોઈ પ્રવાસ પર જવાનો કાર્યક્રમ ઘરના સભ્યની નબળી તબિયતના કારણે થોડા સમય માટે સ્થગિત થઈ શકે છે. આને લીધે તમે અને ઘરના બાળકો કંઈક નખુશ દેખાશે. ઘણી વાર આપણે આપણા જીવનસાથી સાથે ઘણી વાતો કરી શકતા નથી, તે વિચારીને કે તેમને સાંભળ્યા પછી તેને કેવું લાગે છે. પરંતુ આ સમયે આપણે સમજવાની જરૂર છે કે પ્રેમીએ આ પહેલાં કોઈ ત્રીજી વ્યક્તિ પાસેથી આ વસ્તુ જાણવી જોઈએ.

તુલા - (ર, ત) :- આ અઠવાડિયે તમે તમારી જાતને બીમારીનો અનુભવ કરી શકો છો. કારણ કે ક્ષેત્રમાં વધતા કામનું દબાણ અને બોજારૂપ કાર્ય તમને છેલ્લા કેટલાક અઠવાડિયાથી કંટાળી જશે, જેના કારણે હવે તમને મુશ્કેલી થશે. શક્ય છે કે તમે આ અઠવાડિયામાં એટીએમમાંથી પૈસા ઉપાડી શકો, પરંતુ કેટલાક કારણોસર પૈસા અથવા તમારું વોલેટ ખોવાઈ શકે છે. તેથી, આવી દરેક મુશ્કેલીઓ ટાળવા માટે, તમારે તમારી જાત સાથે સાવચેત રહેવાની જરૂર રહેશે. નહીં તો આ બાબતોમાં તમારી સાવચેતીનો અભાવ તમને મોટું નુકસાન પહોંચાડી શકે છે. તમે ઘણી વાર ઘરેલુ જવાબદારીઓથી ભાગતા જોવામાં આવશો, પરંતુ આ અઠવાડિયામાં આવું કરવું તમારા માટે ખૂબ મુશ્કેલ હોઈ શકે છે. કારણ કે કોઈપણ કિંમતે, આ સમય દરમિયાન, તમે ઘરને કારણે તમારી જવાબદારીઓથી છૂટકારો મેળવી શકશો નહીં, જેના કારણે તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. આ અઠવાડિયે તમે ઇચ્છો તો પણ તમારા પ્રેમીને મળવા માટે અસમર્થ હશો, જે તમારા બંનેના પ્રેમ અને રોમાંસને અવરોધે છે. આ પાછળનું કારણ તમારા બંનેના પરિવારની દખલ હોઈ શકે છે. જે લોકો તમારી રાશિની વિદેશી કંપનીમાં પહેલેથી જ કાર્યરત છે.

વૃશ્ચિક - (ન, ય) :- આ અઠવાડિયે તમે માનસિક શાંતિનો અભાવ અનુભવશો, જેનાથી તમારામાં કંઇક ખલેલ આવશે. આ કિસ્સામાં, પોતાને વધુ વિક્ષેપિત કરવાને બદલે, માનસિક શાંતિ મેળવવા માટે, ધર્મ અને ધર્મની પ્રવૃત્તિઓમાં, શક્ય તેટલું ભાગ લઈ, શક્ય તેટલું દાન અને સખાવતનાં કાર્યમાં ભાગ લેવો. કારણ કે આનાથી સમાજમાં તમારી સ્થિતિમાં વધારો થશે, પરંતુ તમે તમારી જાતને માનસિક તાણાવથી પણ ઘણી હદ સુધી દૂર રાખી શકશો. આ અઠવાડિયે તે તમારા માટે ખૂબ મહત્વનું રહેશે, કે તમારી નજીકના લોકો પર, ભાવનાઓને લીધે તમારે એટલો ખર્ચ કરવો નહીં પડે, જેના કારણે તમારે પછીથી બે થી ચાર સમસ્યાઓનો સામનો કરવો પડશે. તેથી, તમારા માટે તમારા નાના ખર્ચો આ અઠવાડિયે ફક્ત અને માત્ર સાચા બજેટથી ખર્ચ કરવો વધુ સારું રહેશે. કારણ કે ફક્ત આ દ્વારા, તમે તમારા નાણાંની હદ સુધી બચાવી શકશો. આ અઠવાડિયે, તમે આધ્યાત્મિકતાનો સહારો લઈને તમારા પારિવારિક જીવનમાં ઘણી સમસ્યાઓ દૂર કરતા જોશો.

ધન - (ભ, ધ, ફ, ઢ) :- તમારી રાશિના સ્વાસ્થ્યના દૃષ્ટિકોણથી, આ અઠવાડિયું સંપૂર્ણ રહેશે. કારણ કે આ સમય દરમિયાન તમારે કોઈ મોટી સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. આવી સ્થિતિમાં, આ સકારાત્મક સમયનો લાભ લઈને તમારા નજીકના લોકો સાથે તાજી હવાનો આનંદ લો. જો તમે સરકારી ક્ષેત્રે કામ કરી રહ્યા છો, તો પછી આ અઠવાડિયા તમારા માટે મહત્વપૂર્ણ અને સારા બનશે. કારણ કે આ સમયગાળા દરમિયાન તમને સરકાર તરફથી ફાયદા અને ઇનામ મળવાની સંભાવના રહેશે, જે તમને સારા સ્તરે નફો આપશે. આ અઠવાડિયે, કુટુંબના સભ્યની નોકરીને કારણે પરિવારની આવકમાં વધારો થવાના યોગ છે. જેનું મકાનનું નવીનીકરણ અથવા તેના નિર્ણયનો નિર્ણય, જે અગાઉ અટવાઇ ગયો હતો તે પૂર્ણ થઈ શકે તેવું ગણી શકાય. આ અઠવાડિયે, તમારા પ્રેમ સંબંધોને સુધારવા માટે, તમારે તે બધી ઇચ્છાઓને દૂર રાખવી પડશે, જેના કારણે તમને લાગે છે કે તમારો પ્રેમી તમારાથી દૂર થઈ શકે છે.

મકર - (ખ, જ) :- આ અઠવાડિયે તમને મેદસ્વીપણા અથવા વજન વધવાની સમસ્યા થઈ શકે છે. આવી સ્થિતિમાં, નિયમિત કસરત અને યોગ દ્વારા, તમારે તમારું વજન જાળવી રાખવાની જરૂર છે. આ માટે તળેલી વસ્તુઓથી દૂર રહેવું. આ અઠવાડિયે તમારે બિનજરૂરી ખર્ચ પર નિયંત્રણ રાખવાની જરૂર રહેશે. અન્યથા જરૂરિયાત સમયે તમારી પાસે પૈસાની અછત હોઈ શકે છે, જેના કારણે તમે ઉધાર પર પૈસા લઈને તમારી જાત પર વધારાના તાણનો ભાર વધારી શકો છો. આ અઠવાડિયે તમારે વાસ્તવિક વલણ અપનાવવાની જરૂર રહેશે. આ માટે, જો તમે મુશ્કેલીમાં છો, તો જ્યારે તમે કોઈની મદદનો હાથ લખો ત્યારે તમારે તેમની પાસેથી કોઈ ચમત્કારની અપેક્ષા કરવાનું ટાળવું પડશે. કારણ કે તમારે સમજવું પડશે કે અન્ય લોકો તમારી સાથે ઊભા છે, એવું નથી કે તમે તેમના કારણે મુશ્કેલીમાં છો. જો તમે તમારી લાગણીઓને પોતાના સુધી મર્યાદિત રાખશો, તો તે પ્રેમના સંબંધોમાં મુશ્કેલી .ભી કરી શકે છે. જો કે, તમે તમારી લાગણીઓને વ્યક્ત કરીને સંજીને ખુશ કરી શકો છો. જો જીવનસાથી ગુસ્સે છે તો સામાન્ય મિત્રની મદદથી તમે તેમને મનાવી શકો છો અને તમારા પ્રેમ જીવનમાં સકારાત્મકતા લાવી શકો

કુંભ- (ગ, શ, ષ, સ) :- આપણું આરોગ્ય જીવનની વાસ્તવિક મૂડી છે, આ વસ્તુને આ અઠવાડિયામાં તમારા જીવનમાં અપનાવી લો, તમે તેને અમલમાં મૂકશો. જેના કારણે તમે ઘરે અને તમારા કાર્યસ્થળમાં વધુ સારું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવા માટે, દરેક માનસિક તાણને બાયપાસ કરીને, લોકો સાથે ખુલ્લેઆમ મજાક કરશો. જેઓ હજી સુધી વિચાર કર્યા વિના પૈસા ઉડાવી રહ્યા હતા, તેઓને આ અઠવાડિયામાં

પાકિસ્તાન ભારત સામે ઘૂંટણિયે પડવા તૈયાર છે

વેપારીઓએ વડા પ્રધાનને ભારત સાથે વેપાર વધારવા માટે વાતચીત શરૂ કરવા વિનંતી કરી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના વેપારી લોકોએ વડા પ્રધાન શહેબાઝ શરીફને ભારત સાથે વેપાર વધારવા માટે વાતચીત શરૂ કરવા વિનંતી કરી છે. તેમણે શરીફ સાથે સંવાદ સત્રમાં આ વિનંતી કરી હતી. વેપારીઓએ કહ્યું કે વેપાર શરૂ થયા બાદ રોકડની તંગીથી પીડિત પાકિસ્તાનની અર્થવ્યવસ્થાને ઘણો ફાયદો થશે. બુધવારે સિંધના સીએમ હાઉસમાં એક કલાક ચાલેલી બેઠક દરમિયાન ઘણા મોટા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. કરાચીના વેપારી સમુદાયે આર્થિક મુદ્દાઓને ઉકેલવા માટે વડાપ્રધાનના નિર્ધારની પ્રશંસા કરી પણ તેમને અર્થતંત્રની સુધારણા માટે રાજકીય સ્થિરતા લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ પણ આપી.

ડૉન અખબારે અહેવાલ આપ્યો છે કે, વડા પ્રધાને નિકાસ દ્વારા અર્થતંત્રને વેગ આપવાના માર્ગો શોધવા માટે વેપારી સમુદાય સાથે બેઠક યોજી હતી. જો કે, તેના નિર્ણયને ઉદ્યોગના લોકો તરફથી આશંકાઓનો સામનો કરવો પડ્યો. ઉદ્યોગના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે વર્તમાન સંજોગોમાં, ખાસ કરીને વધતા ઉર્જા ખર્ચ અને અસંગત સરકારી નીતિઓ સાથે વ્યવસાય કરવો "લગભગ અશક્ય" છે.

પીએમ શહેબાઝ શરીફ સાથેની



મારું ધ્યાન આઈપીએલ પર, પણ ટી૨૦ વર્લ્ડ કપમાં રમવા આતુર: ગિલ

મુંબઇ

બીસીસીઆઇ ટૂંક સમયમાં આઇપીએલ ૨૦૨૪ દરમિયાન ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી શકે છે. આવી સ્થિતિમાં દરેક ખેલાડી ટી-૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયામાં પસંદ થવા ઈચ્છે છે. જો કે આ વખતે જે ખેલાડીઓ આઈપીએલમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે, બીસીસીઆઈના પસંદગીકારો તેમને ટીમ ઈન્ડિયામાં તક આપી શકે છે. હવે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલે ટી૨૦ વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયામાં પસંદગીને લઈને મોટી વાત કહી છે.

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં રમવા અંગે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલે કહ્યું કે મારું ધ્યાન આઈપીએલ પર છે, હું મારી ટીમ માટે સારું પ્રદર્શન કરવા ઈચ્છું છું. હું વિચારું છું કે મારી ટીમ માટે કેવી રીતે સારું કરવું, જેથી ટીમના બાકીના ખેલાડીઓ પણ મદદ કરી શકે. જો મારી ટી-૨૦ વર્લ્ડ કપ માટે પસંદગી કરવી હશે તો હું ચોક્કસપણે પસંદ કરીશ. એક ખેલાડી તરીકે દરેક વ્યક્તિ વર્લ્ડ કપમાં રમવા માંગે છે અને હું પણ મારા દેશ માટે આ કરવા માંગુ છું. હું ગયા વર્ષે વર્લ્ડ કપ રમ્યો હતો, મને પણ થોડો અનુભવ છે. તેમ છતાં, હું આટલું આગળ વિચારી રહ્યો નથી.

આઇપીએલ ૨૦૨૪માં ગુજરાત ટાઇટન્સનો કેપ્ટન શુભમન ગિલ સારા ફોર્મમાં જોવા મળી રહ્યો છે. ગિલે અત્યાર સુધી ૯ મેચમાં ૧૪૬ના સ્ટ્રાઈક રેટથી ૩૦૪ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે ૨૭ ફોર અને ૯ સિક્સર ફટકારી છે.

આમિર ખાન એવોર્ડ ફંક્શનમાં કેમ નથી જતો?

મારા બાળકો મારી વાત સાંભળતા નથી : આમિર

મુંબઈ,

બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાનની ફની સ્ટાઈલ હવે 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'માં જોવા મળશે. લાંબી રાહ જોયા બાદ આખરે આમિર ખાન કોમેડી શોમાં ગેસ્ટ તરીકે આવી રહ્યો છે. 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'નો નવો પ્રોમો સામે આવ્યો છે, જેમાં આમિર ખાન તેના બાળકો, એવોર્ડ શો, ફિલ્મો અને લગ્ન વિશે વાત કરતો જોવા મળી રહ્યો છે.

'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'ના પ્રોમોમાં આમિર ખાન કપિલ શર્મા અને તેની ટીમ સાથે ખૂબ જ મસ્તી કરતો જોવા મળી રહ્યો છે. ત્યારબાદ સવાલ-જવાબ દરમિયાન અર્ચના પુરણ સિંહ આમિરને પૂછે છે કે, આના પર આમિર ખાન કહે છે- 'સમય ખૂબ કિંમતી છે, તેનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.' આમિર પ્રોમોમાં કહેતો જોવા મળે છે કે, તેના બાળકો તેની વાત સાંભળતા નથી. આમિર કહે છે- 'આ આજે હું જે પહેરીને આવ્યો છું તેના વિશે એટલી લાંબી ચર્ચા થઈ હતી.' આમિરની વાત પર અર્ચના કહે છે - યાર, તમે વેલ ડ્રેસ્ડ છો. પછી આમિર કહે છે- જોકે, હું શોર્ટ્સમાં આવવાનો હતો પરંતુ તેમણે જીન્સ કહ્યું. કપિલે આમિરને પૂછ્યું- 'તમે એક ફિલ્મ બનાવી, અને તે એટલી સારી ન ચાલી.' આના પર આમિર કહે છે- 'તાજેતરમાં મારી છેલ્લી બે ફિલ્મો સારી નહોતી ચાલી.' આના પર કપિલ મજાકિયા અંદાજમાં કહે છે.

મોહિત શર્મા આઇપીએલના ઈતિહાસમાં સૌથી મોંઘો સ્પેલ બોલ કરનાર બોલર બની ગયો

મુંબઈ,

રિષભ પંત એવો બેટ્સમેન જેની બેટિંગને ચાહકો જોવા માટે ઉત્સુક હતા. એક અકસ્માતને કારણે લાંબા સમયથી ક્રિકેટથી દૂર રહેલા પંત આઈપીએલ ૨૦૨૪માં બેટથી તબાહી મચાવતા જોવા મળે છે. તેણે ગુજરાત સામેની મેચમાં આ સિઝનની તેની સર્વશ્રેષ્ઠ ઈનિંગ રમી હતી. તેની બેટિંગ એટલી ભયાનક હતી કે તેણે ગુજરાતના ફાસ્ટ બોલર મોહિત શર્માની આઈપીએલ કારકિર્દી પર મોટો દાગ લગાવી દીધો છે.

ગુજરાતના કેપ્ટન શુભમન ગિલે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. બોલરોએ પાવર પ્લેમાં ૩ વિકેટ લઈને સારી શરૂઆત કરી હતી. પરંતુ અક્ષર પટેલ અને ઋષભ પંત દિવાલની જેમ ઉભા હતા. બંને વચ્ચે ઝડપી સદીની ભાગીદારી જોવા મળી હતી. અક્ષર પટેલે ૫ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી ૬૬ રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ પછી કેપ્ટન પંતે સ્કોર વધારવાની જવાબદારી લીધી. તેણે ગુજરાતના અનુભવી બોલર મોહિત શર્માને રિમાન્ડ પર લીધો હતો. પંત દરેક ઓવરમાં ડરામણા દેખાતા હતા.

૨૦મી ઓવરમાં કેપ્ટન ગિલે બોલ મોહિત શર્માને આપ્યો. જે બાદ પંત મોહિતને ખતમ કરવા લાગે છે. તેણે પ્રથમ બોલ પર બે રન લીધા હતા. બીજો બોલ વાઈડ હતો. પંતે તેના બીજા બોલ પર ગગનચુંબી છગ્ગો ફટકાર્યો. ત્રીજા બોલ પર ચોગ્ગો આવ્યો.

વિકી કૌશલ કપાળમાં તિલક લગાવી અલગ જ અંદાજમાં જોવા મળ્યો

'છાવા'ના સેટ પરથી ફોટા વાયરલ થયા

મુંબઇ,

બોલિવૂડ એક્ટર વિકી કૌશલે તેની પ્રતિભા અને અદભુત એક્ટિંગ સ્કિલ્સને કારણે ખૂબ જ ઓછા સમયમાં ઇન્ડસ્ટ્રીમાં મજબૂત ઓળખ બનાવી છે. વિકી કૌશલ અત્યારે તેની આગામી ફિલ્મ છાવા માટે ખૂબ જ ચર્ચામાં છે. હવે 'છાવા'ના સેટ પરથી વિકી કૌશલના ડેશિંગ લુકની તસવીરો વાયરલ થઈ છે, વાયરલ ફોટામાં વિકી કૌશલ મોટી દાઢી અને લાંબા વાળ તેમજ ધોતી-કુર્તામાં અદભુત અવતારમાં જોવા મળી રહ્ય છે.

'છાવા'ના સેટ પરથી સામે આવેલી તસવીરોમાં વિકી કૌશલનો અવતાર જોવા જેવો છે. એક્ટર મોટી દાઢી, લાંબા વાળ, ગળામાં માળા અને ધોતી-કુર્તા પહેરીને જંગલમાં ફરતો જોવા મળે છે. વિકી કૌશલની તસવીરો 'છાવા'ના સેટ પરથી હોવાના કારણે ઈન્ટરનેટ પર હલચલ મચી ગઈ છે. દરેક વ્યક્તિ એક્ટરની અપકમિંગ ફિલ્મ અને તેના લુક વિશે વાત કરી રહ્યા છે.

અહેવાલો અનુસાર, વિકી કૌશલ ફિલ્મ 'છાવા'માં છત્રપતિ શિવાજી મહારાજના મોટા પુત્ર છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકા ભજવતો જોવા મળશે. જોકે, 'છાવા'ના પાત્ર અને સ્ટોરીને લઈને વિકી કૌશલ અથવા મેકર્સ તરફથી કોઈ પુષ્ટિ મળી નથી. વિકી કૌશલના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, એક્ટર છેલ્લે ફિલ્મ 'સામ બહાદુર'માં સિલ્વર સ્ક્રીન પર જોવા મળ્યો હતો.

અમે ધનિક લોકો, ગરીબ દેશોની લીગમાં રમવા નથી જતા : વીરેન્દ્ર સહેવાગ

મુંબઇ,

એક જમાનામાં વિસ્ફોટક બેટિંગ માટે જાણીતો ભારતીય ઓપનર સેહવાગ નિવૃત્તિ બાદ તેની રસપ્રદ અને ચતુરાઈભરી બોલ્ડ કોમેન્ટ્સ માટે ભારે લોકપ્રિય બન્યો છે. શું આગામી દિવસોમાં ભારતીય ખેલાડીઓ વિદેશની લીગમાં રમતાં જોવા મળશે? તેવા ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વિકેટકિપર ગીલક્રિસ્ટના જવાબમાં સેહવાગે તીખો કટાક્ષ કરતાં કહ્યું હતુ કે, ના. અમારે તેની જરુર જ પડતી નથી. અમે તો ધનિક લોકો છીએ એટલે અમારે ગરીબ

દેશોની લીગમાં ભાગ લેવા માટે જવું પડતું નથી.

એક પોડકાસ્ટમાં ગિલક્રિસ્ટ અને સેહવાગ વચ્ચે વાતચીત થઈ હતી. સેહવાગે બિગ બેશ લીગમાં તેને થયેલી સાવ સાધારણ રકમ અંગેનો ઉલ્લેખ પણ કર્યો હતો. સેહવાગે કહ્યું કે, હું ત્યારે ભારતીય ટીમમાંથી પડતો મૂકાયો હતો અને આમ છતાં આઈપીએલમાં રમતો હતો.

આ તબક્કે બિગ બેશ લીગમાં રમવા માટે ઓફર મળી હતી. તેમણે ત્યારે મારી સમક્ષ એક લાખ ડોલરની ઓફર મુકી હતી. ૪૫ વર્ષના સેહવાગે હળવી શૈલીમાં જણાવ્યું કે, ત્યારે મેં તેમને કહ્યું કે, આટલી રકમ તો મારા એક વેકેશનની પાછળ ખર્ચી શકું તેમ છું.

કરીના કપૂર દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા પહોંચી બિગ બી પણ અભિષેક સાથે જોવા મળ્યા

મુંબઈ,

કરીના કપૂર ખાન દિવ્યાંગોને પ્રોત્સાહિત કરવા બુધવારે સાંજે મુંબઈના ખાર વિસ્તારમાં ખાર જિમખાના પહોંચી હતી. ત્યાં દિવ્યાંગો માટે વ્હીલ ચેર દોડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કરીના કપૂર ત્યાં પહોંચી અને વિજેતાને એવોર્ડ પણ આપ્યો. આ પ્રસંગે તેમની સાથે સામાજિક કાર્યકર નિખિલ રૂપારેલ પણ હાજર રહ્યા હતા. આ સિવાય અમિતાભ બચ્ચન પુત્ર અભિષેક બચ્ચન સાથે શહેરમાં જોવા મળ્યા હતા. રશ્મિકા મુંબઈ એરપોર્ટ પર જોવા મળી હતી.

કરીના કપૂર કેઝ્યુઅલ આઉટફિટમાં ખાર જિમખાના પહોંચી હતી. તેમણે વિકલાંગોને પ્રોત્સાહિત કર્યા અને તેમની સાથે લાંબા સમય સુધી વાત પણ કરી. હાલના કામ વિશે વાત કરીએ તો, તેની તાજેતરની ફિલ્મ 'ક્રૂ'એ બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી છે. આ ફિલ્મમાં તેની સાથે કિતી સેનન અને તબ્બુ પણ જોવા મળી હતી.

અમિતાભ બચ્ચન પણ પુત્ર અભિષેક બચ્ચન સાથે શહેરમાં જોવા મળ્યા હતા. હંમેશની જેમ સફેદ કુર્તા સાથે સાલ રાખી હતી. રશ્મિકા પણ મુંબઈ એરપોર્ટ પર શાનદાર અને આરામદાયક અંદાજમાં જોવા મળી હતી. તે ટૂંક સમયમાં અલ્લુ અર્જુન સાથે 'પુષ્પા-૨'માં જોવા મળશે.

૩૦૦ રૂપિયાની ચોરી કરતા કેદીને ૫ મહિનાની સજા

જેનો જેલમાં ખાવા પાછળ થનાર ખર્ચ રૂપિયા ૧ લાખ ૨૦ હજાર

નવીદિલ્હી,

તિહાડ જેલના મહાનિદેશક સંજય બેનીવાલે કહ્યું કે, લગભગ ૭૦૦ કેદીઓને હોટલ ઉદ્યોગમાં નોકરી મળી છે અને ૧૨૦૦થી વધારે બંદી જેલમાંથી બહાર આવ્યા બાદ વિવિધ ક્ષેત્રોમાં કામ કરવા માટે ટ્રેનિંગ પ્રાપ્ત કરી રહ્યા છે. પીટીઆઈ મુખ્યાલયમાં એજન્સીના સંપાદકો સાથે વાતચીતમાં ૧૯૮૯ બૈચના ભારતીય પોલીસ સેવાના અધિકારી બેનીવાલે કહ્યું કે, તેઓ એવા કેદીઓની દેખરેખથી ખુશ થાય છે, જેમને જેલની સજા કાપ્યા બાદ નોકરી મળે છે. ચંડીગઢના પોલીસ મહાનિદેશક રહી ચુકેલા બેનીવાલ નવેમ્બર ૨૦૨૨થી તિહાડ જેલમાં મહાનિદેશક તરીકે તૈનાત છે. તિહાડમાં પોતાના કાર્યકાળમાં જેલ સુધાર પર એક સવાલનો જવાબ આપતા બેનીવાલે કહ્યું કે, અમને જેલની અંદર શહેરી વિકાસ મંત્રાલયની મદદથી કૌશલ વિકાસ કાર્યક્રમ શરુ કર્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત લગભગ ૭૦૦ કેદીઓને હોટલ ઉદ્યોગમાં નોકરી મળી છે અને ૧૨૦૦ કેદી હોસ્પિટલમાં નોકરી માટે ટ્રેનિંગ લઈ રહ્યા છે. તિહાડ જેલમાં ક્ષમતાથી વધારે કેદીઓ હોવા સંબંધિત સવાલના જવાબમાં બેનીવાલે કહ્યું કે, વધારે જેલ બનાવવાનું કોઈ સમાધાન નથી. તિહાડમાં ૧૦,૦૦૦ની સ્વીકૃત ક્ષમતાની તુલનામાં ૨૦,૦૦૦ કેદી છે. દિલ્હીમાં ત્રણ જેલ પરિસર-તિહાડ, રોહિણી અને મંડોલી છે. તથા આ તમામમાં કેન્દ્રીય જેલ છે. તેમણે કહ્યું કે અન્ય વિકલ્પો અથવા દંડીત કરવાની વધુ સારી રીતે શોધી શકાય છે. બેનીવાલે એક ઉદાહરણ આપતા કહ્યું કે, હાલમાં એક યુવકને ખિસ્સાકાતરુના કેસમાં ૩૦૦ રૂપિયા ચોરવાના કેસમાં પકડ્યો, તેને તિહાડમાં લાવવામાં આવ્યો, જામીન મળ્યા ત્યાં સુધીમાં તે પાંચ મહિના સુધી જેલમાં રહ્યો. તેમણે કહ્યું કે, હું દરરોજ દરેક કેદી પર દરરોજ ૮૦૦ રૂપિયાનો ખર્ચ કરી રહ્યો છું. જેની કિંમત અમને દર મહિને લગભગ ૨૪,૦૦૦ રૂપિયા આવે છે. આ ૩૦૦ રૂપિયાની ચોરીની સજા માટે મેં તમારા પૈસા ખર્ચ કર્યા.

૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયામાં વિકેટકીપર બેટ્સમેન તરીકે ધોની ટીમ ઈન્ડિયામાં વાપસી કરશે એવી ચર્ચા

મુંબઇ,

આઇપીએલ ૨૦૨૪ ચાલી રહી છે અને ટૂર્નામેન્ટની અડધાથી વધુ મેચો રમાઈ ચૂકી છે. આ સિઝન દરમિયાન સૌથી વધુ ચર્ચા એ થઈ રહી છે કે ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માટે ટીમ ઈન્ડિયામાં કોને સ્થાન મળશે ? ટૂર્નામેન્ટના શરૂઆતના કેટલાક દિવસો સુધી વિરાટ કોહલી ચર્ચાના કેન્દ્રમાં રહ્યો પરંતુ ધીમે-ધીમે વિકેટકીપરનો મુદ્દો ગરમાયો, જેના માટે ઘણા દાવેદારો હતા. હવે તેમાંથી કોને તક મળવી જોઈએ તે અંગે દરેકના અલગ-અલગ અભિપ્રાય છે. આ બધાની વચ્ચે અચાનક એમએસ ધોનીની ટીમ ઈન્ડિયામાં વાપસીનો મુદ્દો ઉભો થયો છે, જેણે એક નવી ચર્ચાને જન્મ આપ્યો છે. તો શું ચીફ સિલેક્ટર અજીત અગરકર ખરેખર કંઈક ચોંકાવનારું કામ કરવા જઈ રહ્યા છે?

ટીમ ઈન્ડિયા અને ચેન્નાઈ સુપર કિંગ્સના પૂર્વ કેપ્ટન ધોની આ દિવસોમાં આઈપીએલ ૨૦૨૪માં પોતાની પ્રતિભા બતાવી રહ્યો છે. ઘૂંટણની ઈજાની સમસ્યા હોવા છતાં, ધોની દરેક મેચમાં સંપૂર્ણ ૨૦ ઓવર માટે વિકેટકીપિંગ કરી રહ્યો છે, પરંતુ જ્યારે બેટિંગની વાત આવે છે, ત્યારે તે માત્ર છેલ્લી ૨-૩ ઓવરમાં જ આવે છે અને તેમાં પણ કમાલ બેટિંગ કરી રહ્યો છે, જેના કારણે હવે ટી ૨૦ વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયામાં તેને સ્થાન આપવાની ચર્ચા શરૂ થઈ ગઈ છે. પરંતુ શું આ ખરેખર થશે? આ ચર્ચા કોણ કરે છે અને શા માટે?

ધોનીએ ૨૦૨૦માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી. તેણે છેલ્લે ૨૦૧૯ વર્લ્ડ કપની સેમી ફાઈનલમાં ટીમ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ત્યારથી, તે ફક્ત આઈપીએલમાં જ જોવા મળે છે, પરંતુ છેલ્લી સિઝનમાં અને ખાસ કરીને આ સિઝનમાં તેના પ્રદર્શને ચાહકોને ખુશ કરી દીધા છે. આવી સ્થિતિમાં, વિકેટકીપરને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે, શું ધોની નિવૃત્તિ છોડીને ટીમ ઈન્ડિયામાં વાપસી કરી શકશે? આ ચર્ચા ચર્ચાએ જોર પકડ્યું છે.

કરોડોની રુપિયાની માલિક પ્રિયંકા ચોપરાનો પરિવાર પુણેમાં ભાડે રહેશે

પુણે,

પ્રિયંકા ચોપરાનો પરિવાર પુણેમાં એક ઘર ભાડે લીધું છે. જેના માટે દર મહિને લાખો રુપિયાનું ભાડું ચુકવશે. ચોપરા પરિવારે એક બંગલો ભાડે લીધો છે. અભિનેત્રીની માતા મધુ ચોપરા અને ભાઈ સિદ્ધાર્થ ચોપરાએ કંપની સાથે ડીલ પણ કરી લીધી છે.

આ સિવાય રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, દસ્તાવેજ અનુસાર બંગલાનું ભાડું ૨ લાખ રુપિયા દર મહિનાનું છે. રિપોર્ટ અનુસાર મધુ અને સિદ્ધાર્થએ ૨૧ માર્ચના રોજ પ્રોપર્ટી માટે રજીસ્ટ્રેશન કર્યું છે. તેમજ પુણેના આ બંગલા માટે ૬ લાખ રુપિયાની ડિપોઝીટ પણ જમા કરી દીધી છે. ચોપરા પરિવાર આ બંગલા માટે દરમહિને ૨.૦૬ લાખ રુપિયાનું ભાડું આપશે, આ બંગલો પુણેના કોરેગાવ પાર્કમાં આવેલો છે. બોલિવુડ અભિનેત્રી પાસે પુણેમાં ૨ પેન્ટ હાઉસ હતા. જેમને વેચી નાંખ્યા છે.

બોલિવુડમાં સફળ હોવાની સાથે હોલિવુડમાં પણ

પ્રિયંકા ચોપરાનું મોટું નામ છે. તમને જણાવી દઈએ કે, પ્રિયંકા ચોપરા એક સફળ બિઝનેસવુમન પણ છે. પ્રિયંકા ચોપરાની શેમ્પુથી લઈ કંડીશનર સુધી પ્રોડક્ટમાં લાબું લિસ્ટ છે. બોલિવુડમાં સફળ હોવાની સાથે હોલિવુડમાં પણ પ્રિયંકા ચોપરાનું મોટું નામ છે. તમને જણાવી દઈએ કે, પ્રિયંકા ચોપરા એક સફળ બિઝનેસવુમન પણ છે. પ્રિયંકા ચોપરાની શેમ્પુથી લઈ કંડીશનર સુધી પ્રોડક્ટમાં લાબું લિસ્ટ છે.

પરેશભાઈ ગજેરા પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ : શહેરના બીગ બાજારની બાજુમાં શ્રીરાજ રેસીડન્સીમાં રહેતા જાહેર સમાજના અગ્રણી અને રાજકોટ બિલ્ડર એસોસીએશનના પ્રમુખ પરેશભાઈ ગજેરાના પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. પરશોતમભાઈ રૂપાલાનું ગજેરા પરિવારના સભ્યો મનજીભાઈ ગજેરા, પરેશભાઈ ગજેરા, રસિકભાઈ ગજેરા, જ્યોતિબેન, દિપ્તીબેન સહિતનાએ સ્વાગત કર્યુ હતું. આ તકે રૂપાલાજીએ ગજેરા પરિવાર સાથે ભોજન ગ્રહણ કરેલ હતું.

ગુર્જર સુથાર સમાજના યોજાયેલા સ્નેહમિલનના કાર્યક્રમમાં પ્રેરક હાજરી આપતા શ્રી પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ : અત્રે બાલભવનના સભાખંડમાં રાજકોટમાં વસતા ગુર્જર સુથાર સમાજનું વિશાળ સ્નેહ મિલન રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયુ હતું. આ પ્રસંગે મહાનુભાવોમા રાજયકક્ષાના સભ્ય શ્રી રામભાઈ મોકરીયા, મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, ધારાસભ્યો દર્શિતાબેન શાહ, શ્રી રમેશભાઈ ટીલાળા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા,વગેરે ઉપસ્થિત રહયા હતા. આ તકે શ્રી રૂપાલાજી એ ભાજપના ઉમેદવાર તરીકે તેમને પાંચ લાખથી વધુ લીડ મળે તે માટે બુથ કક્ષાએ સો એ સો ટકા મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

ઉદ્યોગ અગ્રણી અને પૂર્વ કોર્પોરેટર જયંતિભાઈ સરધારાના પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતમભાઈ રૂપાલા

રાજકોટ : શહેરના હરીધવા મેઈન રોડ પર આવેલ શ્રી રામપાર્ક સોસાયટીમાં રહેતા ઉદ્યોગકાર જયંતિભાઈ સરધારાના પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. સરધારા પરિવાર ના જયંતિભાઈ, નીતિબેન, સાવનભાઈ સરધારા, હરેશભાઈ પડારીયા, નીસાબેન પડારીયા, સંજયભાઈ પડારીયા, મિતલબેન, વાસુ પડારીયા, જીલ પડારીયા વિગેરેએ પરશોતમભાઈ રૂપાલાનું સ્વાગત કર્યુ હતું.

રાજકોટમાં વસતા મોવીયા પરિવારજનોના યોજાયેલા સ્નેહમિલનના કાર્યક્રમમાં હાજરી આપતા રૂપાલા

રાજકોટ : શહેરના મવડી–કણકોટ રોડ સ્થિત પીરામીડ પાર્ટી પ્લોટમાં ધંધા–વ્યવસાય અર્થે રાજકોટ સ્થાયી થયેલા મોવીયા ગામના વતની એવા પરિવારજનોનાં એક સ્નેહમિલનના કાર્યક્રમમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે રૂપાલાજીએ સૌને શુભેચ્છા પાઠવતા જણાવેલ કે કેન્દ્ર સરકાર ધ્વારા છેલ્લા દશ વર્ષમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલ નેત્રદીપક કામગીરીની વિગતો આપી હતી. આ તકે ભાજપના ઉમેદવાર તરીકે તેમને મત આપવા અને સગાં–સ્નેહી, મિત્રોને ૧૦૦ ટકા મતદાન કરાવવા માટે અપિલ કરી હતી. આ પ્રસંગે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ગોંડલના ગણેશસિંહજી જાડેજા, શૈલેષભાઈ સગપરીયા, ચિરાગભાઈ દુદાણી, મનીષભાઈ ગોલ સહિતના બહોળી સંખ્યામાં મોવીયાના વતની એવા પરિવારજનો ઉપસ્થિત રહયા હતા.

આજે રાજકોટ બેઠકના ૧૪ હજારથી વધુ સરકારી કર્મચારીઓનું મતદાન

સરકારી કર્મચારીઓ મતદાન કરી શકે તે માટે પ્રથમવાર એક્સચેન્જ મેળાનું આયોજનઃ સરકારી કર્મચારીઓ આજથી ચાર દિવસ કરશે મતદાન

રાજકોટ

ચૂંટણીપંચ દ્વારા આ વખતે લોકસભાની ચૂંટણીમાં સૌ પ્રથમવાર પોસ્ટલ બેલેટ માટે એક્ષચેંન્જ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ એક્ષચેંન્જ મેળો ગત તા.૧૫ના અમદાવાદ ખાતે યોજાયા બાદ હવે આગામી તા.૨૭ના બેલેટ પેપરનો બીજો એક એક્ષચેંન્જ મેળો યોજાશે. અગાઉ સરકારી કર્મચારીઓના મતદાનના પોસ્ટલ બેલેટ પોસ્ટ મારફત મોકલાતા હતા પરંતુ આ વખતે સૌ પ્રથમવાર આ પ્રકારનો મેળો આયોજીત કરવામાં આવી રહ્યો છે. આ મેળા મારફતે અન્ય જીલ્લાના કર્મચારીઓ કે જેઓ ચૂંટણી ફરજ માટે રાજકોટ મૂકાયેલ છે તેવા કર્મચારીઓના પોસ્ટલ બેલેટ રાજકોટ આવશે અને મતદાનનો લાભ લઈ શકશે.રાજકોટથી અન્ય સ્થાનો પર ફરજમાં મુકાયેલા કર્મચારીઓના બેલેટ અન્ય જીલ્લાઓમાં મોકલાશે. રાજકોટમાં અન્ય જીલ્લાના ૧૫ હજાર જેટલા કર્મચારીઓ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરશે. જયારે રાજકોટથી બહાર ફરજ માટે ગયેલા

૭૦૦૦થી વધુ કર્મચારીઓ તેમના ફરજના સ્થળે મતદાન કરશે. આ તમામ કર્મચારીઓના પોસ્ટલ બેલેટ મતદાન બાદ સૌથી છેલ્લે તા.૧૧ના એકત્રિત કરાશે.

ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો ભાગ લઈ શકે તે માટે તમામ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. હાલમાં હજારો-લાખો કર્મચારીઓ અને સુરક્ષા કર્મચારીઓ ચૂંટણી ફરજ માટે તૈનાત છે. આ સિવાય સરહદ પર સેનાના જવાનો તૈનાત હોય છે. આવી સ્થિતિમાં આ લોકો પોતાની ફરજ છોડીને ચૂંટણીમાં મતદાન કરવા ઘરે જઈ શકતા નથી. આવા કર્મચારીઓ અને સૈનિકો માટે ચૂંટણી પંચ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરાવે છે. ચૂંટણી પંચ અગાઉથી નક્કી કરે છે કે, કેટલા લોકોને પોસ્ટલ બેલેટ આપવાના છે. ત્યારબાદ કાગળ પર છપાયેલા ખાસ બેલેટ પેપર આ લોકોને મોકલવામાં આવે છે. બેલેટ પેપર પ્રાપ્ત કર્યા પછી કાર્યકર તેના મનપસંદ ઉમેદવારને પસંદ કરે છે અને આ બેલેટ પેપર પોસ્ટ દ્વારા ચૂંટણી પંચને પરત કરે છે.

રાજકોટ શહેરના છ પોઈન્ટ પર ટ્રાફિક પોલીસની ડ્રાઈવમાં ૪૦૩ એન.સી.કેસ નોધાયા

રાજકોટ,

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા અલગ અલગ પોઈન્ટ પર વાહન ચેકીંગ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જેમાં પુનિતગનર પાણીના ટાંકા પાસે ,બામણબોર, પરશુરામ ચોકડી, કાગદડી, કાળીપાટ ખાતે વાહન ચેકીગ કરી કુલ ૪૦૩ કેસ કરી ૧,૮૯,૮૦૦નો દંડ વસુલાયો હતો. તેમજ ઈન્ટસપ્ટરની ટીમોએ ઓવર સ્પીડના કેસો કરી ૧,૧૨,૦૦૦ના ચલણ અને ૧,૦૪,૦૦૦ના ચલણ ઈશ્યુ કર્યા હતાં. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરીની સુચના અને ડીસીપી ટ્રાફિક પૂજા યાદવની રાહબરીમાં એસીપી જે. બી. ગઢવી તથા ટીમના પીઆઈ બી. પી. રજયા, પીઆઈ એમ. જી. વસાવા, પીએસઆઈ જનકસિંહ રાણા, પીએસઆઈ ધાસુરા, પીએસઆઈ વી. એ. પરમાર, પીએસઆઈ આર. એસ. પરમાર, પીએસઆઈ બી. આર. પરમાર, પીએસઆઈ ચારણ, પીએસઆઈ સુમેરા, એએસઆઈ તૃષાબેન, એએસઆઈ સુધાબેન સહિતે આ કામગીરી કરી હતી.

બેલ કંપનીની ઈજનેર ટીમ રાજકોટમાં, ઈ.વી.એમ. વીવીપેટની ચકાસણી શરૂ

રાજકોટ,

લોકસભાની ચૂંટણીના મતદાન આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે ઈવીએમ અને વીવીપેટ મશીન બનાવનાર બેલ કંપનીના ૧૪ ઈજનેરીની ટીમ આજે રાજકોટ આવી હતી અને ચૂંટણી અધિકારીઓને સાથે રાખી રાજકોટનાં ચારેય સ્ટ્રોંગરૂમમાં રાખવામાં આવેલ ઈવીએમ મશીન અને વીવીપેટ મશીનની રાજકીય પક્ષોના પ્રતિનિધિની હાજરીમાં ચેકીંગ શરૂ કર્યું છે. લોકસભાની ચૂંટણી જાહેર થઈ છે ત્યારે ગુજરાતમાં ત્રીજા તબક્કામાં આગામી તા.૭ મેના રોજ મતદાન યોજાનાર છે ત્યારે હવે મતદાનને ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે બેગ્લોરથી ઈવીએમ મશીન

અને વીવીપેટ બનાવનાર બેલ કંપનીના ૧૪ એન્જીનીયરોની ટીમ આજે રાજકોટ આવી પહોંચી હતી અને કલેકટર પ્રભવ જોષી અને ચૂંટણી અધિકારી નારણ મુછારને મળ્યા હતાં. બેલ કંપનીના એન્જીનિયરોની અલગ અલગ ચાર ટીમ બનાવી રાજકોટનાં ચારેય સ્ટ્રોંગરૂમ પર રાખવામાં આવેલ ઈવીએમ મશીન અને વીવીપેટ મશીનની આખરી ચકાસણી શરૂ કરવામાં આવી છે.રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઈવીએમ અને વીવીપેટની ચકાસણી શરૂ કરવામાં આવી છે. જેમાં ઈવીએમ મશીનમાં રાજકોટનાં ભાજપ-કોંગેસ-બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર અને અપક્ષ ઉમેદવારો મળી ૯ ઉમેદવારો અને એક નાટો સાથેનું લીસ્ટ ઈવીએમ મશીનમાં મુકવામાં આવ્યું છે.રાજકીય પક્ષના પ્રતિનિધિની હાજરીમાં જ ઈવીએમ મશીનમાં મતદાનનું ટ્રાયલ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૧૦,૦૦૦ જેટલા ઈવીએમ મશીન અને વીવીપેટ મશીનને ફરી સ્ટ્રોંગરૂમમાં સીલ કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

રાજકોટ આર.સી.સી.બેંકનાં જનરલ મેનેજર પ્રકાશ શંખાવલા બેંકિંગ ક્ષેત્રની સ્પર્ધાત્મક પરીક્ષામાં સૌરાષ્ટ્રમાં પ્રથમઃ કેન્દ્રમાં ત્રીજા સ્થાને સફળતા

રાજકોટ,

ગુજરાત અર્બન-કો-ઓપરેટીવ બેંક ફેડરેશન અને કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી.અમદાવાદ સહઆયોજીત ગુજરાતની કો-ઓપરેટીવ બેંકોના સીઈઓ, ડીજીએમ, એજીએમ, સીસીઓ, સહીતના એકઝીકયુટીવ અને સિનીયર લેવલ સ્ટાફ મેમ્બર માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવેલ.

વિવિધ વિષયો ઉપર સપ્તાહના દર શુક્રવારે ઓનલાઈન દસ રાઉન્ડ રાખવામાં આવેલ જે તા.૧૯-૦૧-૨૦૨૪ને શુક્રવારથી પ્રારંભ થઈ તા.૨૨-૦૩-૨૦૨૪એ પૂર્ણ થયેલ.આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ૮૭૫ બેંક અધિકારીઓએ નોમીનેશન કરાવેલ જેમાં પરીક્ષામાં પ્રથમ ૨૫ સફળતા મેળવનારાઓ મળી કુલ ૭૫ પરીક્ષાર્થીને પુરુસ્કૃત કરવામાં આવેલ તેમાંથી ધિ રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી.ના ડેપ્યુટી જનરલ મેનેજર પ્રકાશ શંખાવલા દસ રાઉન્ડ પૈકી ત્રણ રાઉન્ડમાં પ્રથમ પાંચમાં સમાવિષ્ટ થયેલ અને દસ રાઉન્ડના એકત્રીત માર્કસ જોતા તેઓનો પાંચમો નંબર આવેલ.સદર રાઉન્ડ પૈકી પ્રથમ પચાસ આવનાર પાર્ટીશીપેન્ટને તા.૧૩-૦૪-૨૦૨૪ને શનિવારનાં રોજ કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી-અમદાવાદ મુકામે ફાઈનલ ઓફલાઈન પરીક્ષા માટે પસંદગી કરવામાં આવેલ.જેમાં પ્રકાશ શંખાવલાનો ફાઈનલ રાઉન્ડમાં

સૌરાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંક અને કેન્દ્રમાં ત્રીજો ક્રમાંકે મેળવી બેકનું ગૌરવ વધારેલ છે.

પ્રકાશ શંખાવલાએ જણાવેલ કે, મે કોમર્સમાં ગ્રેજયુએશન, ડિપ્લોમાં ઈન કોમ્પ્યુટર સાયન્સ, કાયદાના સ્નાતક, ડિપ્લોમાં ઈન લેબર લો એન્ડ પ્રેકટીશ અને ડિપ્લોમાં ઈન કો-ઓપરેટેવ મેનેજમેન્ટમાં પ્રથમવર્ગમાં ઉતિર્ણ થઈ સદર પદવીઓ હાંસલ કરેલ.પરંતુ ખરાઅર્થે મારૂ ગ્રેજયુએસન પીપરીયા પાસે અને પોસ્ટ ગ્રેજયુએશન મે બીનાબેન કુંડલીયા પાસે રહી વાસ્તવીક પદવીઓ હાંસલ કરેલ છે.

આ તકે ડો.બીનાબેન કુંડલીયા જણાવે છે કે, સને ૨૦૧૩માં ડેપ્યુટી જનરલ મેનેજરની ખાલી પડેલ પોસ્ટ માટે જાહેરાત પ્રસિદ્ધ થતા પ્રકાશ શંખાવલાએ નોમીનેશન કરેલ જેમાં તેમનું કવોલીફીકેશન, અનુભવ અને ઈન્ટરવ્યુ લઈ રીફુટમેન્ટ કમીટીએ તેમની કલાર્કમાંથી સીધા ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે પસંદગી કરેલ ત્યારથી તેઓ બેંકની તમામ જવાબદારી સફળતા પૂર્વક અને પારદર્શકતાથી સંભાળી રહ્યા છે.

સાથે ગુજરાત સહીત ભારતભરની બેંકોના એકઝીકયુટીવ સાથે બેકીંગને લગતી તમામ બાબતોનું ઓનલાઈન આદાન-પ્રદાન કરે છે.સીઈઓ ડો.પીપળીયાએ જણાવે છે કે બેકિંગ ક્ષેત્રમાં પ્રકાશ શંખાવલા એન્સાયકલોપિડીયા તરીકે જાણીતા છે. આર.સી.સી.બેંકના ડીજીએમ પ્રકાશ શંખાવલાએ બેંકિંગ ક્ષેત્રેની સ્પર્ધાત્મક પરીક્ષામાં સૌરાષ્ટ્રમાં પ્રથમ, કેન્દ્રમાં ત્રીજા સ્થાને સફળતા મેળવેલ તે બદલ આરબીઆઈના પૂર્વ અધિકારી જી.પી.મીસ્ત્રી અને કાલુપુર બેંકના બોર્ડ ઓફ ડિરેકટર્સ પ્રકાશ શંખાવલાને સન્માનિત કરતા બાજુની તસ્વીરમાં આરસીસી બેંકના ચેરપર્સન ડો.બીનાબેન કુંડલીયા, સીઈઓ ડો.પુરૂષોત્તમ પીપરીયા,એજીએમ જુલી પીપરીયા પ્રકાશ શંખાવલાને તેમની અદ્વિતિય સિદ્ધી બદલ સન્માનિત કરતા દ્રષ્ટિગોચર થાય છે.

યુવા મોરચાના કાર્યકરો સહિયારો પુરૂસાર્થ કરીને રાજયની ૨૬ લોકસભા બેઠકોમાં મોટી લીડથી કમળ ખીલાવેઃ શ્રી પરશોતમભાઈ રૂપાલા

શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણી સંદર્ભે ભાજપના યુવા મોરચાની બૃહદ કારોબારી બેઠક સંપન્ન

રાજકોટ :

આગામી તા. ૭ મેના રોજ યોજાનાર રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીના સંદર્ભે રાજકોટ શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાની બૃહદ કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના કર્મઠ ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલા એ પ્રેરક હાજરી આપી હતી. શ્રી પરશોતમભાઈ રૂપાલા એ યુવા મોરચાના કાર્યકરોને સંબોધતા જણાવ્યુ કે હવે લોકસભા ચૂંટણીના ગણત્રીના દિવસો બાકી હોઈને ત્યારે સહિયારા પુરૂષાર્થ કરીને રાજયની ૨૬ બેઠકોમાં કમળ પાંચ લાખથી વધુ લીડથી ખીલે તે માટે કટિબધ્ધ થવા અનુરોધ કર્યો હતો.પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો.પ્રશાંત કોરાટે યુવા ભાજપના કાર્યકરોને મહતમ મતદાન થાય તે માટે બુથ અને શકિત કેન્દ્ર સહ બેઠકો યોજવા જણાવ્યુ હતુ.તેમણે વધુમા જણાવ્યુ કે આગામી સમયમાં ચૂંટણીમાં ભાજપ તરફ સર્વત્ર કેસરીયો માહોલ સર્જવા રાજયમાં વિધાનસભા બેઠક સહ યુવા સંમેલનો અને બાઈક રેલીના શ્રેણીબધ્ધ કાર્યક્રમો યોજવામાં આવશે. પ્રારંભમાં સ્વાગત પ્રવચન કરનાર શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ શ્રી કિશનભાઈ ટીલવાએ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મિલન લીંબાસીયાએ કર્યુ હતું.તેમજ આગામી સમયમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ અને શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવાની આગેવાનીમાં યુવા મોરચા ધ્વારા યોજાનાર

અનેકવિધ કાર્યક્રમોની માહિતી આપી હતી.

આ પ્રસંગે રાજયસભાના સભ્ય શ્રી રામભાઈ મોકરીયા, શહેર ભાજપ મહામંત્રીશ્રી અશ્વિનભાઈ મોલીયા પ્રદેશ ભાજપ યુવા મોરચાના મંત્રી અને રાજકોટ યુવા ભાજપના પ્રભારી શ્રી નિલેશ ચુડાસમા, મોરબી શહેર યુવા ભાજપ પ્રમુખ શ્રી સાગર સદાસીયા તથા પ્રભારી શ્રી હર્ષદિ કાવર અને યુવા મોરચાના અનેક કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ સિલ્વર મેન્યુફકચર્સ એસો. અને રાજકોટ ઈમીટેશન જવેલરી એસો. ધ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો

સમગ્ર દેશને ભાજપના સુશાસનમાં વિશ્વાસ બેઠો છે કે ગંગોત્રી શુધ્ધ છેઃ ભાજપ સરકારની નીતિ, નિયત અને નેતૃત્વ પ્રમાણિક છે : ઉદયભાઈ કાનગડ

રાજકોટ :

આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત ભારતીય જનતા પાર્ટી ધ્વારા રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાના સમર્થનમાં પ્રચાર–પ્રસાર, લોકસંપર્ક સહીતના કામગીરી પૂર જોશમાં ચાલી રહી છે ત્યારે વિવિધ સમાજ અને એસોસીએશનો ધ્વારા પણ પરશોતમભાઈ રૂપાલાના સમર્થનમાં સ્નેહમિલન સમારોહના આયોજનો થઈ રહયા છે ત્યારે શહેરના સામા કાંઠે પરશોતમભાઈ રૂપાલાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ સિલ્વર મેન્યુફકચર્સ એસોસીએશન અને રાજકોટ ઈમીટેશન જવેલરી એસોસીએશન ધ્વારા સ્નેહમિલન સમારોહ યોજાયો. આ કાર્યક્રમમાં પરશોતમભાઈ રૂપાલા, વિધાનસભા–૬૮(રાજકોટ,પૂર્વ)ના સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીનભાઈ મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.આ કાર્યક્રમનો પ્રારંભ પરશોતમભાઈ રૂપાલા, ઉદયભાઈ કાનગડ સહિતના અગ્રણીઓના હસ્તે દિપ પ્રાગટય કરી કરવામાં આવેલ હતો. આ તકે રાજકોટ સિલ્વર મેન્યુફકચર્સ એસોસીએશન અને રાજકોટ ઈમીટેશન આ તકે સ્વાગત પ્રવચન કરતા ધારાસભ્ય ઉદયભાઈ કાનગડએ જણાવેલ કે સમગ્ર દેશને ભાજપના સુશાસનમાં વિશ્વાસ બેઠો છે કે ગંગોત્રી શુધ્ધ છે. ભાજપ સરકારની નીતિ, નિયત અને

નેતૃત્વ પ્રમાણિક છે. સમગ્ર વિશ્વને હિન્દુસ્તાન પર ભરોસો બેઠો છે કે આ દેશમાં જબરજસ્ત બદલાવ આવી રહયો છે. નરેન્દ્રભાઈ મોદીનું દૂરંદેશીભર્યુ અને મજબૂત નેતૃત્વના કારણે દેશ હકારાત્મક અને યોગ્ય દિશાના વિકાસ તરફ આગેકદમ કરી રહયો છે.૮

આ પ્રસંગે રાજકોટ સિલ્વર મેન્યુફકચર્સ એસોસીએશન અને રાજકોટ ઈમીટેશન જવેલરી એસોસીએશન અનિલભાઈ તળાવીયા, મહેશભાઈ વેકરીયા, કલ્પેશભાઈ લુણાગરીયા, દેથળભાઈ પટેલ, રણજીતભાઈ આરજે, રાજેશભાઈ સાંઘાણી, હરેશભાઈ ગઢીયા, શૈલેષભાઈ લુણાગરીયા, દેવરાજભાઈ ગઢીયા વિગેરે ઉપસ્થિત રહયા હતા અને કમળતરફી મતદાન કરી પરશોતમભાઈ રૂપાલાને જંગી બહુમતીથી જીતાડવા નિર્ધાર વ્યકત કર્યો હતો.

ભારતીય જનતા પાર્ટીની સમર્પિત સેવા છેવાડાના માનવી સુધી પહોંચી છે : પૂનમબેન માડમ

જામજોધપુરમાં ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયનો શુભારંભ : હાલારની દીકરી પૂનમબેન માડમનું ભવ્ય સ્વાગત : રેલીમાં જનમેદની ઉમટી પડી

જામનગર : જામનગર લોકસભા મતક્ષેત્રમાં સમાવિષ્ટ જામજોધપુર વિધાનસભા મતવિસ્તારમાં ગત્ બુધવારે મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનો શુભારંભ કરવામા આવ્યો હતો. જેમાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, કાર્યકરો તેમજ વિશાળ સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા. ત્યારે જામજોધપુરની જનતાએ પૂનમબેન માડમનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

જામજોધપુરમાં એક ભવ્ય રેલી યોજાઈ હતી. જેમાં વિશાળ સંખ્યામાં લોકો જોડાયા હતા. ત્યારબાદ એક સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની સમર્પિત સેવા છેવાડાના માનવી સુધી પહોંચી છે. પંથકના સૌ નાગરિકોએ "મોદી સાહેબની ગેરન્ટી"માં અપ્રતિમ વિશ્વાસ દાખવી, પ્રચંડ જનસમર્થનની કટિબદ્ધતા વ્યક્ત કરી. રેલી તથા ઉદબોધન સમયે ઉમટી પડેલ જામજોધપુર વાસીઓનો આ અદભુત ઉત્સાહ અને સમર્થન ચોક્કસપણે એકવાર ભારતીય જનતા પાર્ટીની પ્રચંડ જીત સુનિશ્ચિત કરનાર પ્રતીત થયા. જામજોધપુર મુખ્ય માર્ગ ઉપર લોક્સભાના સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમનો ભવ્ય રોડ શો યોજાયો. વિવિધ જ્ઞાતિના

આગેવાનો, ગરબી મંડળ, સામાજિક સંસ્થા દ્વારા પૂનમબેન માડમનું સ્વાગત કરવામાં આવ્યું. ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયના ઉદ્ઘાટન પછી પ્રચંડ જનમેદની સાથે સભા યોજાઈ.

આ તબ્બકે સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમ, જિલ્લા પ્રમુખ રમેશભાઈ મૂંગરા, જિલ્લા મહામંત્રી દિલીપભાઈ ભોજાણી, અભિષેકભાઈ પટવા, પ્રવિણસિંહ જાડેજા, પૂર્વમંત્રી ચીમનભાઈ સાપરીયા, પૂર્વ ધારાસભ્ય બ્રિજરાજસિંહ જાડેજા, ચિરાગ કાલરીયા, શહેર તાલુકા પંચાયત પ્રમુખ જે ટી ડોડીયા, શહેર ભાજપ પ્રમુખ જયેશભાઈ ભાલોડીયા, તાલુકા પંચાયત પ્રભારી ખુશાલભાઈ જાવિયા, પૂર્વ જિલ્લા પંચાયત મહામંત્રી ચેતનભાઈ કડીવાલ, અગ્રણી આગેવાન અમુભાઈ, જિલ્લા પંચાયતના સભ્યો, મોરચાના પદાધિકારીઓ, શહેર સંગઠનના પદાધિકારીઓ હોદેદારો, કાર્યકર્તાઓ, મહિલાઓ, સામાજિક અગ્રણીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

લાલપુરના પડાણા ગામે ઢોરવાડામાં બે આખલાની લડાઈમાં યુવાને જીવ ગુમાવ્યો

પશુઓને ઘાસચારો નાખવા ગયેલા યુવાનને આખલાએ ઢીંક મારી પછાડી દેતા મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પડાણા ગામમાં આવેલા એક ઢોર વાડામાં બે આંખલાઓની લડાઈમાં એક યુવાને પોતાનો જીવ ગુમાવ્યો છે. પશુઓને ઘાસચારો આપવા જઈ રહેલા એક યુવાનને ખૂટ્યા એ ઢીંક મારી પછાડી દેતાં હેમરેજ થવાથી મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ મધ્યપ્રદેશના રતલામ જીલ્લાનો વતની અને હાલ લાલપુર તાલુકાના પડાણામાં ઢોરવાડામાં કામ કરતો નેપાલભાઈ ભંવરલાલ નાયક નામનો ૩૧ વર્ષનો પરપ્રાંતીય યુવાન ગઈકાલે સવારે ૯.૩૦ વાગ્યાના અરસામાં પડાણા માં આવેલા ઢોર વાડામાં પશુઓને ઘાસચારો નાખી રહ્યો હતો, જે દરમિયાન એકાએક બે ખૂંટીયાઓ ઝઘડવા લાગ્યા હતા જેમાં એક ખૂંટિયાએ તેને હડફેટમાં લઈ લીધો હતો, અને તેને ઢીક મારી જમીન પર પછાડી દેતાં માથાના ભાગે હેમરેજ થયું હતું, તેમજ છાતિના ભાગે મૂઢ ઈજા થઈ હોવાથી તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગે ચેતારામ બીજારામ દેવાસીએ પોલીસને જાણ કરતાં મેઘપર પોલીસે મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરમાં બે રહેણાક મકાનોને નિશાન બનાવતા તસ્કરો : રૂ. ૭૧,૦૦૦ની માલમત્તાની ચોરી

જામનગર : જામનગરમાં શંકર ટેકરી સુભાષપરા વિસ્તારમાં બે મકાનોને કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધા હતા, અને અંદરથી રૂપિયા ૭૧ હજારની માલમત્તા ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે.

જામનગરમાં શંકર ટેકરી સુભાષ પરા શેરી નંબર -૨ માં રહેતા શાહીનાબેન જાવીદભાઈ બલોચ નામની મહિલાના મકાનને કોઈ તસ્કરોએ નિશાન બનાવી અંદર પ્રવેશ કરી કબાટમાં રાખેલી રૂપિયા ૬૪,૦૦૦ ની કિંમતની સોનાની ઈયરીંગની ચોરી કરી ગયા હતા. આ ઉપરાંત બાજુમાં રહેતા ચંદનબેન મુકેશભાઈ ગણેશીયા નામની મહિલાના રહેણાક મકાનને પણ તસ્કરોએ નિશાન બનાવ્યું હતું, અને મકાનમાં રાખેલી રૂપિયા ૭,૦૦૦ ની રોકડ રકમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે. પોલીસ ટુકડી ઘટના સ્થળે દોડી ગઈ છે, અને વધુ તપાસ શરૂ કરી છે.

આજે હું જે કંઈ છું તે દ્વારકાધીશના આશીર્વાદ છે : સાંસદ પરિમલ નથવાણી

શારદા મઠ ખાતે શંકરાચાર્યના આશીર્વાદ લીધાં : પત્રકારો સાથ ગોષ્ઠિ કરી

તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : રિલાયન્સ લીમીટેડના ગ્રૂપ પ્રેસિડેન્ટ તથા રાજ્યસભાના સાંસદ તેમજ દેવસ્થાન સમિતિના પૂર્વઉપાધ્યક્ષ પરિમલભાઈ નથવાણીએ ગઈકાલે સાંજે યાત્રાધામ દ્વારકા ખાતે પધારી દ્વારકાધીશ જગતમંદિરમાં કાળિયા ઠાકોરજીને શિશ ઝુકાવ્યું હતું તેમજ ઠાકોરજીની પાદુકાનું પૂજન કર્યુ હતું.બાદમાં તેઓએ શારદામઠની મુલાકાત લઈ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતીજી સાથે ટુંકી મુલાકાત કરી સ્વામીજીના આશીર્વાદ મેળવ્યા હતા.બાદમાં સાંસદ પરિમલભાઈ પત્રકાર પરિષદ યોજી હતી.જેમાં તેમને પૂર્વમાં દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ તરીકે દ્વારકાધીશ મંદિરમાં સેવા આપવાનો લ્હાવો મળવા બદલ તેમજ હાલમાં તેમની જગ્યાએ તેમના પુત્ર ધનરાજ ભાઈને આ સેવાનો મોકો મળવા બદલ દ્વારકાધીશનો આભાર માન્યો હતો. તેમના જીવનની સફળતાનો શ્રેય તેમણે દ્વારકાધીશ રાજાધિરાજને આપ્યો હતો પરિમલભાઈ નથવાણી સાથે લોહાણા સમાજના ગોર કપીલભાઈ વાયડા,દ્વારકાધીશ મંદિરના પૂજારી નેતાજી તેમજ રિલાયન્સના પ્રતિનિધિ વિગેરે હાજર રહ્યા હતા

જામજોધપુરના ગંગાજળિયાનો ખેડૂત ખેતીને બદલે નશીલા પદાર્થના વેચાણમાં જોતરાયો

ગાંજાના ૩૩૦ ગ્રામ જથ્થા સાથે ખેડૂતને પોલીસે ઝડપી લીધો

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ગંગાજળિયાને વિસ્તારમાં રહેતો એક ખેડૂત ખેતી કામના બદલે નસીલા પદાર્થ ગાંજાના વેચાણની પ્રવૃત્તિમાં જોડાયેલો છે, તેવી ચોક્કસ બાતમીના આધારે જામજોધપુર પોલીસે દરોડ પાડી ખેડૂતને ૩૩૦ ગ્રામ નસીલા પદાર્થ ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધો છે.

જામજોધપુરના પોલીસ ઈન્સ્પેક્ટર વાય જે વાઘેલા તેમજ સ્ટાફના પ્રજ્ઞરાજસિંહ જાડેજા વગેરેને ચોક્કસ બાતમી મળી હતી કે, જામજોધપુર તાલુકાના ગંગાજળિયા નેશ વિસ્તારમાં રહેતો અને ખેતી કામ કરતો મેથીભાઈ જેતાભાઈ મુસાર નામના રબારી શખ્સ ખેતી કામના બદલે ગાંજાના વેચાણની પ્રવૃત્તિમાં સંડોવાયેલો છે તેવી બાતમીના આધારે ગઈ રાત્રે જામજોધપુર પોલીસે ગંગાજળિયા ગામમાં દરોડો પાડ્યો હતો. તે દરમિયાન ખેડૂત મેરખીભાઈ જેતાભાઈ ૩૩૦ ગ્રામ ગાંજા ના જથથા સાથે મળી આવ્યો હતો.

આથી પોલીસે તેની અટકાયત કરી લઇ તેની પાસેથી ની ૩,૩૦૦ ની કિંમતનો ગાંજો કબ્જે કરી લઇ, તેની સામે મેરખી જેતાભાઈ સામે જામજોધપુર પોલીસ મથકમાં એનડીપીએસ એકટની કલમ મુજબ ગુનો નોંધ્યો છે અને તેની અટકાયત કરી લઇ વધુ પૂછપરછ હાથ ધરી છે.

યાત્રાધામ દ્વારકામાં ગત્વર્ષે ૮૧.૫૦ લાખ યાત્રિકોએ કાળિયા ઠાકોરના દર્શન કર્યા

વર્ષ દરમ્યાન ૨૩.૭૮ કરોડની રોકડ તેમજ ૧.૭૦ કિલો સોનુ અને ૫૦.૬૦ કિલો ચાંદીના આભૂષણોની ભેટ મળી

દ્વારકા : ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં યાત્રાધામ દ્વારકાના વિશ્વપ્રસિદ્ધ દ્વારકાધીશ જગતમંદિરની આશરે ૮૧.૫૦ લાખ જેટલા યાત્રિકોએ મુલાકાત લઈ દર્શન કર્યા હતા.તો વર્ષ દરમ્યાન અંદાજે ૨૩.૭૮ કરોડ ભેટ સ્વરૂપે અર્પણ કરાઈ હતી આભુષણોમાં આશરે ૧.૭૦ કિલો સોનું તથા ૫૦.૬૦ કિલો જેટલી ચાંદી ભાવિકો દ્વારા શ્રીજીના ચરણોમાં અર્પણ કરાઈ હતી. અત્રો ઉલ્લેખનીય છે કે છેલ્લા દાયકામાં દ્વારકા યાત્રાધામમાં આવતા ભાવિકોની સંખ્યામાં તેમજ શિવરાજપુર બીચ તથા અન્ય ટુરીસટ ડેસ્ટેનેશનના માળખાકીય વિકાસ સાથે સુવિધાસભર માહોલમાં તેમજ કુદરતી સોંદર્યની સાથોસાથ મોસમની મહેરબાન સમાન યાત્રાધામ દ્વારકા યાત્રીકો તથા સહેલાણીઓની પહેલી પસંદ બની ગયું છે જેથી ટુરીઝમના વિકાસની સાથોસાથ સમગ્ર ક્ષેત્રમાં મુલાકાતીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જોવા મળ્યો છે.

જામજોધપુરના શેઠ વડાળા ગામે આઈશર વાહન બેકાબૂ બનીને ઓરડી સાથે ધડાકાભેર અથડાયું

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના શેઠ વડાળા ગામની વાડી વિસ્તારમાં એક આઇસર વાહનનો ચાલક બેકાબૂ બન્યો હતો, અને એક ખેડૂતની વાડીની ઓરડીમાં ઘૂસી ગયો હતો અને વાડીની ઓરડીની દિવાલ તથા ખેતીના ઓજારોને લાખોનું નુકસાન થવા પામ્યું છે.જ્યારે ચાલક પણ ગંભીર રીતે ઘાયલ થતા તેમને હોસ્પિટલ ખસેડાયો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં જિલ્લા પંચાયત કર્મચારી નગરમાં રહેતા અને શેઠ વડાળા વિસ્તારમાં વાડી ધરાવતા સોમાભાઈ માયાભાઇ રાઠોડ નામના ૭૦ વર્ષના ખેડૂત બુઝુર્ગે પોતાની વાડીમાં આવેલી ઓરડીની દીવાલ સાથે વાહન અથડાવી દીવાલને તેમજ અંદર રાખવામાં આવેલા ખેતીના ઓજારોને પણ અંદાજે રૂપિયા ચાર લાખનું નુકસાન પહોંચાડવા અંગે જી.જે. ૧૦ ટી એક્સ. ૯૫૮૫ નંબરના આઈશરના ચાલક રાકેશ ગોવિંદભાઈ વાઘેલા સામેં ફરિયાદ નોંધાવી છે. જ્યારે વિચિત્રા અકસ્માતમાં વાહન ચાલક રાકેશ વાઘેલા પણ ગંભીર સ્વરૂપે ઘાયલ થયો છે, અને તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. આઇસર વાહનના ચાલક સામે પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખંભાળિયામાં સરકારી શાળાના તાળા તોડી તસ્કરો બે લેપટોપ બઠાવી ગયા

ખંભાળિયા : ખંભાળિયા નજીક આવેલા શકિતનગર વિસ્તારમાં એક સરકારી શાળામાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. જેમાં શાળાના તાળા તોડી અંદર પ્રવેશ કરી બે લેપટોપ ચોરી ગયાની ફરિયાદ પોલીસમાં ઉઠવા પામી છે.

આ અંગે ખંભાળિયામાં યોગેશ્વર નગર વિસ્તારમાં રહેતા અને મૂળ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રહીશ સુરેશભાઈ લાલાભાઈ પરમાર (ઉ.વ. ૪૪)એ ખંભાળિયા પોલીસ મથકમાં જાહેર કરેલી વિગત મુજબ અત્રેથી આશરે સાત કિલોમીટર દૂર શક્તિનગર બેલાવાડી ખાતે આવેલી સરકારી પ્રાથમિક શાળાની ઓફિસમાંથી ગત તારીખ ૮ એપ્રિલના રોજ કોઈ તસ્કરો જુદા જુદા બે મોડેલના લેપટોપ કે જે ઓફિસના કબાટમાં રાખવામાં આવ્યા હતા. આ બંને લેપટોપ કબાટ કે ઓફીસના તાળા તોડ્યા વગર કોઈ અજાણ્યા તસ્કરો ચોરી કરીને લઈ ગયા હતા. આ બંને લેપટોપની કુલ કિંમત રૂપિયા એક લાખ જાહેર કરવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે ખંભાળિયા પોલીસે શાળાના કર્મચારી સુરેશભાઈ પરમારની ફરિયાદ પરથી આઈપીસી કલમ ૩૭૯ મુજબ ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં બે જૂથ વચ્ચે મારામારીમાં ચાર વ્યક્તિ ઘાયલ

લોઠીયા ગામના મેળાના જુના મનદુઃખના કારણે બબાલ સર્જાઈ : જી.જી. હોસ્પિટલમાં લોકોના ટોળા ઉમટ્યા

જામનગર : જામનગરમાં આજે સવારે નવાગામ ઘેડ વિસ્તારમાં બે જૂથ વચ્ચે મારામારીનો બનાવ બન્યો હતો, અને તંગદીલી ભર્યું વાતાવરણ બન્યું હતું. સામસામા હુમલામાં ચાર વ્યક્તિ ઘાયલ થવાથી જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાઈ હતી, ત્યાં પણ લોકોના ટોળા ઉમટ્યા હતા. લોઢીયા ગામના મેળા ના જુના મન દુઃખમાં આ તકરાર થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે.



તસવીરઃ સુનિલ ચુડાસમા

આ બનાવની વિગત એવી છે કે જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આજે સવારે એકાએક બે જૂથ વચ્ચે બબાલ થઈ હતી, અને સામ સામે છરી-ધોકા-પાઈપ જેવા હથિયારો વડે હુમલા કરાયા હતાઝ જે હુમલા ના બનાવમાં ચાર વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થઈ હતી, અને તેઓને લોહી નીતરતી હાલતમાં સારવાર માટે જામનગરની જીજી. હોસ્પિટલમાં ખસેડાયા હતા, ત્યાં પણ ઈજાગ્રસ્તના સમર્થકો ટોળાં સ્વરૂપે એકઠા થયેલા જોવા મળ્યા હતા. જેથી પોલીસ ટુકડી દોડતી થઈ હતી, અને જી.જી. હોસ્પિટલ તેમજ નવાગામ ઘેડ વિસ્તારમાં પોલીસ પહેરો ગોઠવી દીધો હતો. જામનગર તાલુકાના લોઠીયા ગામમાં મેળો ભરાયો હતો, જે મેળામાં બે જૂથ વચ્ચે તકરાર થઈ હતી, જેનું મન દુઃખ રાખીને આજે સવારે ફરીથી બંને જૂથ વચ્ચે ચકમક ઝરી હતી, અને સામસામમાં હુમલા કરાયાનું જાણવા મળી રહ્યું છે. સમગ્ર મામલે સીટી બી. ડિવિઝન પોલીસ મથક નો સ્ટાફ વધુ તપાસ ચલાવે છે.

સૌરાષ્ટ્ર આજતક

રાજકોટથી બે કલાકમાં અમદાવાદ પહોંચી જશોઃ રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ

અમદાવાદની બદલે સાણંદ પાસેથી જ બાયપાસ ટ્રેક બનાવવાની કામગીરી ચાલી રહી છે. જે અંતર્ગત ભૂમિ અધિગ્રહણ બાબતે પણ કામકાજ ચાલી રહ્યું છે

રાજકોટઃ કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ શુક્રવારના રોજ રાજકોટની એક દિવસીય મુલાકાતે છે. ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત સંવાદ વિકસિત ભારત જ૨૦૪૭ કાર્યક્રમમાં અશ્વિની વૈષ્ણવે હાજરી આપી હતી. ત્યારે રાજકોટના ઉદ્યોગપતિઓ તેમજ પ્રબુદ્ધ નાગરિકો અને વિદ્યાર્થીઓ સાથે તેમણે વાતચીત કરી હતી. વાતચીત દરમિયાન તેમણે વિકસિત ભારત ૨૦૪૭ ના રોડ મેપને લઈને પણ સરકારની કામગીરી અંગે માહિતી આપી હતી. તો સાથે જ આગામી સમયમાં વંદે ભારત બાદ વંદે સ્લીપર અને વંદે મેટ્રો ટ્રેનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હોવાની વાત પણ જણાવી હતી. કેન્દ્રિય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સંબોધનમાં આગામી સમયમાં રાજકોટથી વડોદરા જવા માટે અમદાવાદ નહીં જવું પડે તે પ્રકારની માહિતી પણ તેમણે આપી હતી. આ અંગે વાતચીત કરતા અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, રાજકોટથી વડોદરા જવા માટે અમદાવાદની બદલે સાણંદ પાસેથી જ બાયપાસ ટ્રેક બનાવવાની કામગીરી ચાલી રહી છે. જે અંતર્ગત ભૂમિ અધિગ્રહણ બાબતે પણ કામકાજ ચાલી રહ્યું છે. આગામી સમયમાં ટ્રેનની સ્પીડ પણ વધારવા કામગીરી હાથ ધરવામાં આવનાર છે. રાજકોટથી અમદાવાદ સુધીની યાત્રા માત્ર બેથી સવા બે કલાકમાં પૂર્ણ થાય તે બાબતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સૂચના આપવામાં આવી છે.

ગૃહમંત્રી અમિત શાહ આજે જામકંડોરણામાંઃ રેલીને સંબોધશે

કેન્દ્રીય ગૃહ મંત્રી સવારે રાજકોટના હિરાસર એરપોર્ટ પહોંચીને બાદમાં હેલીકોપ્ટર મારફત જામકંડોરણા જવા રવાના થશે

રાજકોટ, લોકસભા ચૂંટણીમાં હવે ત્રીજા તબકકામાં ગુજરાતની તમામ ૨૫ લોકસભા બેઠકો પર તા.૭ મેના રોજ મતદાન યોજાવાનું છે તે પૂર્વે હવે રાષ્ટ્રીય નેતાઓના શરુ થયેલા પ્રવાસમાં આવતીકાલે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પોરબંદર લોકસભા બેઠક લડી રહેલા ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી મનસુખભાઇ માંડવીયાના સમર્થનમાં એક સભાને સંબોધવા જામકંડોરણા આવી રહ્યા છે અને અહીં વિશાળ રેલી સાથે સભા યોજાશે.

શ્રી શાહ અમદાવાદથી ખાસ વિમાનમાં રાજકોટના હિરાસર વિમાની મથકે સવારે ૧૦-૧૫ કલાકે આવી પહોંચશે અને ૧૫ મીનીટ એરપોર્ટ પર રોકાણ કરીને સીધા હેલીકોપ્ટર મારફત જામકંડોરણા જવા રવાના થશે. જ્યાં તેઓ સભાને સંબોધન કર્યા બાદ ૧૨-૧૫ કલાકે સીધા ગાંધીનગર જવા રવાના થશે. શ્રી શાહના આગમન પૂર્વે તેમની સુરક્ષા ટીમ જામકંડોરણા પહોંચી ગઇ છે અને સૌરાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં આ પ્રથમ સૌથી મોટી સભા હશે. તા.૨ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ સૌરાષ્ટ્રમાં સભાઓને સંબોધન કરશે.

રાજકોટના બિલેશ્વર રેલવે સ્ટેશન પાસે ટ્રેન અડફેટે યુવાનનું મોત

રાજકોટ, મૂળ રાણાવાવના અમરદળ ગામના વતની અને હાલ રાજકોટમાં રહેતા યુવકનું બેડી હડમતીયા રોડ ઉપર બિલેશ્વર રેલવે સ્ટેશન નજીક ટ્રેન હડફેટે મોત નીપજતા પરિવારમાં કરુણ કલ્પાંત સર્જાયો છે. ઘટના અકસ્માતે બની કે આપઘાતની છે તે જાણવા પોલીસે તપાસનો દોર લંબાવ્યો છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મૂળ રાણાવાવ તાલુકાના અમરદળ ગામના વતની અને હાલ રાજકોટમાં પારેવડી ચોકમાં રહેતા દેવા ધનાભાઈ રાઠોડ નામનો ૩૫ વર્ષનો યુવાન બેડી હડમતીયા રોડ ઉપર આવેલા બિલેશ્વર રેલવે સ્ટેશન પાસે હતો ત્યારે ટ્રેનની ઠોકરે ચડી જતા મોત નીપજ્યું હતું ઘટના અંગે જાણ થતા તાત્કાલિક પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક દેવાભાઈ રાઠોડ બે ભાઈ એક બહેનમાં વચ્ચેટ હતો અને તેને સંતાનમાં એક પુત્રી છે દેવાભાઈ રાઠોડ જેસીબીમાં ડ્રાઇવર તરીકે ફરજ બજાવી પરિવારનું ગુજરાન ચલાવતો હતો આ ઘટના અકસ્માતની છે કે પછી આપઘાતની તે જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં મનપાની ફુડ શાખાના દરોડા : મસાલા, પનીર,શુધ્ધ ઘી સહિત ૪ નમૂના લેવાયા

૨૨ ધંધાર્થીને ત્યાં ખાણીપીણીના ચેકીંગ : ૪ વેપારીને લાઈસન્સ મેળવવા સૂચના

રાજકોટ, મહાનગરપાલિકા ફૂડ વિભાગની ટીમ તથા વાન સાથે શહેરના ક્રિસ્ટલ મોલ થી આકાશવાણી ચોક વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૪ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૯ નમૂનાની સ્થળ પર ચકાસણી કરી હતી. આ અંગે મનપાએ સત્તાવાર યાદીમાં જણાવાયુ છે.ફૂડ વિભાગની ટીમ તથા વાન સાથે શહેરના ક્રિસ્ટકલ મોલ થી આકાશવાણી ચોક વિસ્તાભરમાં આવેલ જલારામ ખમણ, શ્રી બાલાજી ઘૂઘરા, ગાંધી સોડા તથા શુભ બ્રેકફાસ્ટ સહિત ૪ને -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી.

જયારે રાજ સેન્ડવીચ, નેશનલ ચાઇનીઝ પંજાબી સેન્ડવીચ, શંકરવિજય ડેરી ફાર્મ, પટેલ ડાઈનીંગ હોલ, શિવ ઢોસા પાઉંભાજી, કળશ કાફે, સંતુષ્ટિ શેક, ટી સ્ટેશન, સંતુષ્ટિ શેક (યાજ્ઞિક રોડ વાળા), પાંડેજી, વર્લ્ડ ઓફ વેફલ્સો, જય ભવાની વડાપાઉં, ઢોસા હબ, ૨૨ પેરેલ, જલારામ આલ્પાહાર, જોગમાયા આલ્પાળહાર, ટ્વીલાઇટ સોડાની ચકાસણી કરવામાં આવેલ.

ફૂડ વિભાગ દ્વારા ફુડ સેફ્ટી સસ્ટાપન્ડાર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ શ્રી ખોડિયાર સેલ્સ એંજન્સી, બાપુનગર, જીલ્લા ગાર્ડન રોડ, શેરી નં.૪માંથી, પનીર તુફાની (પ્રિપેર્ડ સબ્જીક-લુઝ): સાસુજી કા ઢાબા, આલાબાઈનો ભઠ્ઠો, મહિલા કોલેજ ચોક, કિશાનપરા રોડ, પરથી તથા શુધ્ધ ઘી (લુઝ): ક્રિષ્ના ડેરી ફાર્મ, અંકુરનગર મે. રોડ, વદાવન સોસાયટી શેરી નં.૪, મવડી સહિત સ્થળોએથી નમૂના લેવામાં આવ્યા છે.

રાજકોટના શાપર-વેરાવળના બુટલેગર પાસામાં ધકેલાયો

રાજકોટ, શાપર-વેરાવળના બુટલેગરને પાસા તળે જેલમાં ધકેલી દેવાયો હતો.રાજકોટ ગ્રામ્યર જીલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠૌડની સુચનાથી એલ.સી.બી. શાખા રાજકોટ ગ્રામ્યના પોલીસ ઇન્સ. વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ (શાપર (વે.) પો.સ્ટેસ.ના પો.સબ ઇન્સી. આર.કે.ગોહીલ તથા શ્રી જી.બી.જાડેજાએ શાપર (વે.) પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહી પોતાના આર્થીક લાભ માટે ઇંગ્લીશ દારૂનો મોટો જથ્થો બહારના રાજયમાંથી મંગાવી વેચાણ કરતા બુટલેગર રોહીત રમેશભાઇ રામદાસભાઇ કાપડી (ઉ.વ.૨૧) રહે. હાલ વેરાવળ (શા.) હાઉસીંગ બોર્ડ સોસાયટી, શીવજીના મંદીર પાસેને પાસામાં ધકેલવાની દરખાસ્ત કરતા જીલ્લા કલેકટરે પાસાનું વોરંટ ઇસ્યુ કરતા રોહીતને પાસા તળે અમદાવાદ જેલમાં ધકેલી દેવાયો હતો.

આ કાર્યવાહી એલસીબી શાખાના એએસઆઇ બાલકૃષ્ણ ભાઇ ત્રીવેદી, અમીતસિંહ જાડેજા તથા શાપર (વે) પો.સ્ટે?.ના એએસઆઇ વિરભદ્રસિંહ વાઘેલા, પો.હેડ કોન્સ). ક્રિપાલસિંહ રાણા, મહેન્દ્ર ભાઇધાંધલ, તુષારસિંહ જાડેજા, પ્રહલાદસિંહ રાઠોડ, ખીમજીભાઇ હુણ, મયુરસિંહ જાડેજા, ઉપેન્દ્ર સિંહ ગોહીલ, લગધીરસિંહ જાડેજા તથા અલ્પેંશભાઇ ડામસીયા દ્વારા કરવામાં આવેલ છે.

રાજકોટના આજી ડેમમાં ડૂબી જતાં યુવાનનું મોત : મૃતદેહ મળ્યો

યુવતીને તરતા શીખડાવવા જતાં બંન્ને ડૂબ્યા હતા : યુવતીને લોકોએ બચાવી લીધી

રાજકોટ, રાજકોટની ભાગોળે આવેલ આજીડેમમાં ગઈકાલે સાંજે દંપતિ ડૂબી ગયાની જાણ થતાં લોકોનું ટોળુ ઘટના સ્થળે એકત્રીત થયું હતું અને આજીડેમમાં ડુબી રહેલી યુવતિને બચાવી લઈ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડી હતી જ્યારે યુવાન ઉંડા પાણીમાં લાપતા થઈ જતાં ફાયર બ્રિગેડના જાણ કરવામાં આવી હતી. ૨૪ કલાક સુધી સોધખોળ બાદ બપોરે યુવાનનો મૃતદેહ મળી આવ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતિને તરતા શીખવાડવા જતાં યુવાને જીવ ગુમાવ્યો હોવાનું જાણવા મળ્યું છે.આ ઘટના અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ નજીક આવેલ આજીડેમમાં ગઈકાલે સાંજે આર.કે. નગરના ગેઈટ પાસે યુગલ પાણીમાં ડૂબી રહી હોવાની જાણ થતા ઘટના સ્થળે લોકો એકઠા થઈ ગયા હતા અને ડેમમાં ડૂબી રહેલી યુવતિને બચાવી લઈ બેભાન હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડી હતી જ્યારે યુવતિની સાથે રહેલો યુવાન ઉંડા પાણીમાં ગરક થઈ ગયો હતો. આ બનાવની ફાયર બ્રિગેડને જાણ થતા તાત્કાલીક ઘટનાસ્થળે દોડી જઈ ડેમમાં ડૂબી ગયેલા યુવાનની શોધખોળ શરૂ કરી હતી ૨૪ કલાક પછી આજે બપોરે યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો પોલીસની તપાસમાં જિલ્લા ગાર્ડન પાસે રહેતા અરવિંદ કેશુભાઈ ચાવડા નામના યુવાન હોવાનું બહાર આવ્યું છે. પોલીસની તપાસમાં રૈયાધાર પાસે રહેતી હિનાબેન અરવિંદ ચૌહાણ ઉ.વ.૪૦ નામની યુવતિએ ચાર વર્ષ પહેલા જિલ્લા ગાર્ડન પાસે રહેતા અરવિંદ ચાવડા સાથે મૈત્રી કરાર કર્યો હતો અને અરવિંદ ચાવડા અવાર નવાર તેના ઘરે આવતો જતો હતો ગઈકાલે અરવિંદ ચાવડાઘરે આવ્યા બાદ હિનાબેનને તરતા શીખવાડવાનું કહી આજીડેમે લઈ ગયો હતો જ્યાં તરતા શીખવાડતી વખતે જ અરવિંદ ચાવડા ઉંડા પાણીમાં ગરક થઈ ગયો હોવાનું હિનાબેને પોલીસને જણાવ્યું છે.

રાજકોટમાં હાર્ટ એટેકના વધુ બે બનાવોમાં બેનાં મોત

લગ્ન પ્રસંગમાં આવેલા મહેમાનનું હૃદય ધબકારા ચૂકી ગયું

રાજકોટ, રાજકોટમાં હાર્ટ એટેકની વધુ બે ઘટનામાં રાણાવાવથી રાજકોટ દોહિત્રના લગ્ન પ્રસંગમાં આવેલા વૃધ્ધનું હૃદય બેસી જતાં મૃત્યુ થયું હતું. તો મુંજકામાં રહેતાં બેતાલીસ વર્ષના યુવાનનું સવારે એકાએક છાતીમાં દબાણ થયા બાદ મૃત્યુ નિપજતાં બંનેના પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. આ બનાવ અંગે પોલિસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાણાવાવ રેલ્વે ક્વાર્ટરમાં રહેતાં કિશોરભાઈ નાથાભાઈ પરમાર (ઉ.વ.૬૮)ના દિકરી રમીલાબેન મહેશભાઈ મોરબીયા જે રાજકોટ ધરમ સિનેમા પાછળ સરકારી આવાસમાં રહે છે તેણીના દિકરાના લગ્ન હોઈ તેમાં હાજરી આપવા આવ્યા હતાં. ગઈકાલે માંડવાનો પ્રસંગ હતો અને આજે રાજકોટમાં જ જાન જવાની હતી. રાતે સાડા બારેક : વાગ્યે કિશોરભાઈને એકાએક છાતીમાં દુઃખાવો થતાં બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ દમ તોડી દેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃત્યુ પામનાર કિશોરભાઈને સંતાનમાં ત્રણ પુત્ર, એક પુત્ર છે.

બીજા બનાવમાં રાજકોટના મુંજકામાં રહેતાં જીગરભાઈ ભરતભાઈ મકવાણા (ઉ.વ.૪૨) સવારે ઘરે હતાં ત્યારે એકાએક છાતીમાં દુઃખાવો ઉપડતાં બેભાન થઈ જતાં ૧૦૮ બોલાવી સિવિલ હોસ્પિટલમાં – ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત જાહેર કરવામાં આવતાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ જણાવ્યું હતું. મૃત્યુ પામનાર જીગરભાઈ બે ભાઈ અને એક બહેનમાં વચેટ હતાં અને કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતાં હતાં. યુવાન દિકરાના મૃત્યુથી – મકવાણા પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

રાજકોટમાં ૭૭ વેપારીઓ પાસેથી ૬.૧૪કિલો પ્લાસ્ટિક જપ્ત ગંદકી-પ્રતિબંધિત પ્લાસ્ટિક બદલ રૂ. ૨૧.૯૫૦નો દંડ ફટકાર્યો

રાજકોટ, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ૨૦૨૧ અન્વયે આજ રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૨૫/૦૪/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૭૭ આસામીઓ પાસેથી ૬.૧૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૧૯૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૨.૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૭૪૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૨ આસામીઓ પાસેથી ૩.૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૧૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૨ આસામીઓ પાસેથી ૦.૫૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા પ્રિ-મોન્સૂન વોકળા સફાઈ અંતર્ગત તા.૨૪-૦૪-૨૦૨૪ના રોજ વોર્ડ નં.૧, ૩, ૪, ૭, ૧૦ અને ૧૫માં આવેલ વોંકળાની સફાઈ કરવામાં આવી હતી.

રાજકોટમાં છાત્રાનું અપહરણ કરી દુષ્કર્મ ગુજારનાર આરોપી ઝડપાયો

રાજકોટ, રાજકોટ તાલુકા પોલીસ મથક હેઠળના વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષની છાત્રાનું અપહરણ કરી હોટલમાં લઈ જઈ તેની સાથે શખ્સે દુષ્કર્મ આચરતા તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવતા પીઆઈ ડી.એમ.હરિપરા અને સ્ટાફે તપાસ શરૂ કરી છે.

રાજકોટ તાલુકા પોલીસે આ અંગે ભોગ બનનાર છાત્રાના પિતાની ફરિયાદ પરથી બાબાફરીદ ઉર્ફે ભાઈજાન હસમતઅલી નાનાણી (રહે.સણોસરા,રાજકોટ) અને તેમના મિત્ર વિરુદ્ધ અપહરણ, દુષ્કર્મ અને પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી બાબા ફરીદની અટકાયત કરી હતી.પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ તાલુકા પોલીસ મથક હેઠળના વિસ્તારમાં રહેતા પરિવારની ૧૩ વર્ષની પુત્રી કે જે અભ્યાસ કરે છે.પુત્રી ભણવા જતી હોય ત્યારે આ બાબા નામનો શખ્સ તેની પાછળ પાછળ જતો હતો અને તેણી સાથે મિત્રતા બંધાઈ હતી.તેમજ તેમને લગ્નનું વચન આપી બાબા ફરિદ નામનો શખ્સ તેણીનું અપહરણ કરી ગયો હતો.આરોપી છાત્રાને શહેરની એક હોટલમાં લઇ ગયા બાદ છાત્રાને હવસનો શિકાર બનાવી હતી.આ બનાવમાં બાબા ફરીદના મિત્રએ અપહરણમાં મદદગારી કરી હતી.

આ સમગ્ર ઘટના બાદ પરિવારજનોને જાણ થતાં આ અંગે મોડી રાત્રે ભોગ બનનાર છાત્રાના પિતાએ ફરિયાદ નોંધાવી હતી.હાલ તાલુકા પીઆઈ ધવલ હરીપરાએ આરોપીની અટકાયત કરી વધુ પુછપરછ જારી રાખી છે. બીજી તરફ આરોપીના મોબાઈલમાંથી અન્ય છોકરીઓના ફોટાઓ મળ્યા હોવાની ચર્ચા થઈ રહી હોવાથી હવે પોલીસ આરોપીના રિમાન્ડની માંગણી કરશે અને તેના મિત્રની પણ ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

જુનાગઢમાં વાહનોમાંથી બેટરી ચોરનાર ધોરાજીનો શખ્સ ઝડપાયો

જુનાગઢ, જુનાગઢ સી ડીવીઝન પો.સ્ટે. હદ વિસતારમાં સુરજ ફનવર્ડ પાસે ફરીયાદીની પ્યાગો રિક્ષા રજી.નં.જીજે-૨૩-એકસ-૮૮૭૦ વાળીમાંથી એક્ષાઇડ કંપનીની લાલ કલરની બેટરી નંગ-૧ કિ.રૂ.૬૨૦૦/- તથા બહાઉદ્દીન કોલેજ રોડ ઉપર પ્રમુખ જવેષલસ પાસે સાહેદ હુશેનભાઇ મહમદભાઇ ઠેબાની અશોક લેલન વાહનની પાવરઝોન કંપનીની કાળા કલરની બેટરી નંગ-૧ જેની આશરે કિ.રૂ.૩૫૦૦/- મળી કુલ બેટરી નંગ-૨ કિ.રૂ.૯૭૦૦/- ની ચોરી થયેલ ઉપરોકત ગુન્હાના કામે વાહનની બેટરીઓની ચોરી કરેલ ઇસમ એક અતુલ જેમ રીક્ષા રજી.નં.જીજે-૦૧-ટીબી-૦૯૨૨ વાળી લઇને જુનાગઢ સરદારબાગની અંદર કેન્ટી નની પાછળના ભાગે ઉભેલ છે. જેથી ઉપરોકત હકિકત વાળી રીક્ષા સાથે એક ઇસમને પકડી તેની પુછરપછ કરતા પોતે કબુલાત આપતો હોય. જેથી મજકુર-મહમદ ઇકબાલભાઇ સિપાઇ(ઉ.વ.૪૩) ધંધો. રિ.ડ્રા., રહે.ધોરાજી બહારપુરા વોરાવાડ, મસ્જીહદ પાસે તા.ધોરાજી વાળાને અટક કરી ગુન્હા.માં ચોરી થયેલ બેટરી નંગ-૨ કિ.રૂ.૯૭૦૦/- તથા અતુલ જેમ રીક્ષા કિ.રૂ.૫૦,૦૦૦/- નો મુદામાલ ગુન્હા ના કામે કબજે કરી તેમજ મજકુર ઇસમ પાસેથી તપાસ કરતા અન્યમ કુલ બેટરી નંગ-૩ મળી આવેલ જે પોતે જુનાગઢ શહેરમાં ભવનાથ વિસ્તારરમાંથી તેમજ સુરજ ફનવર્ડ સામે બહાઉદ્દીન કોલેજ રોડ ઉપર અલગ અલગ રિક્ષાઓ માંથી ચોરી કરેલાની કબુલાત આપતો હોય જેથી ઉપરોકત બેટરી નંગ-૩ કિ.રૂ.૧૧,૦૦૦/- નો મુદામાલ સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સી ડીવીઝન પોલીસ સ્ટેશનનો ઉપરોકત ચોરીનો અનડીટેકટ ગુન્હાનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલવામાં આવેલ છે.

આ કામગીરી આર.પી. વણઝારા, પી.એચ. મારૂ, એન.આર. ભેટારીયા, દિલીપભાઇ ડાંગર, કરણસિંહ ઝણકાત, મનીષભાઇ હુંબલ, સંજયસિંહ ચૌહાણ, હરસુખભાઇ સિસોદીયા, હાર્દિકસિંહ સીસોદીયા, રૂપલબેન છૈયા એ કરી હતી